સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન


# ICE® MAGIC

## CURRENT AFFAIRS

**WEEK 09**

[21/02/21 to 27/02/21]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)





**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.**

**JOIN OUR WHATSAPP GROUP**
joinicerajkot.com



CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

**21 FEB-2021**


- દિવસ મહિમા : 21 ફેબ્રુઆરી, (1) આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ (International Mother Language Day) ..... 02
- ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ (ISA)ના નવા ડિરેક્ટર જનરલ તરીકે ડો. અજય માથુરની નિમણૂક કરવામાં આવી ..... 03
- કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયે 'પેય જળ સર્વેક્ષણ' શરૂ કર્યું ..... 05
- IIT મદ્રાસ દ્વારા 'Pimo' ઈબાઈક લોન્ચ કરવામાં આવી ..... 06
- QUESTION ANSWERS ..... 08


**22 FEB-2021**


- દિવસ મહિમા : 22 ફેબ્રુઆરી, વિશ્વ ચિંતન દિવસ (World Thinking Day) ..... 10
- ઓસ્ટ્રેલિયન ઓપન 2021 : સર્બિયાના શ્રી નોવાક જોકોવિચ રેકોર્ડ નવમી વખત ચેમ્પિયન ..... 10
- દાદાસાહેબ ફાળકે ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ એવોર્ડ્ઝ 2021ની જાહેરાત ..... 12
- QUAD જૂથની ત્રીજી મંત્રીમંડળ કક્ષાની બેઠકનું આયોજન ..... 14
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આસામમાં 'મહાબાહુ-બ્રહ્મપુત્રા' પહેલ અને અન્ય વિકાસ પરિયોજનાઓનો શુભારંભ કર્યો ..... 15
- QUESTION ANSWERS ..... 17


**23 FEB-2021**


- શ્રી રામભાઈ મોકરિયા અને શ્રી દિનેશચંદ્ર અનાવાડિયા ગુજરાત તરફથી રાજ્યસભામાં બિનહરીફ વિજેતા ..... 19
- કેન્દ્રીય માર્ગ, પરિવહન અને હાઈવેપ્રધાન શ્રી નીતિન ગડકરીએ 'ગો ઈલેક્ટ્રિક' અભિયાન શરૂ કર્યું ..... 23
- QUESTION ANSWERS ..... 25


**24 FEB-2021**


- દિવસ મહિમા : 24 ફેબ્રુઆરી, Central Excise Day (કેન્દ્રીય આબકારી દિવસ) ..... 26
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા છઠ્ઠી નીતિ આયોગ ગવર્નિંગ કાઉન્સિલની મીટિંગની અધ્યક્ષતા કરવામાં આવી ..... 27
- ભારત અને ઈન્ડોનેશિયાના નૌકાદળ વચ્ચે 'PASSEX' કવાયત હાથ ધરવામાં આવી ..... 29
- કેન્દ્રીય મંત્રી શ્રી પ્રકાશ જાવડેકરે લક્ષદ્વિપમાં 'અટલ પર્યાવરણ ભવન'નો શુભારંભ કરાવ્યો ..... 29
- QUESTION ANSWERS ..... 31


**25 FEB-2021**


- વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમને 'નરેન્દ્ર મોદી સ્ટેડિયમ' નામ આપવામાં આવ્યું ..... 33
- કેન્દ્રીય આરોગ્ય પ્રધાન ડો. હર્ષવર્ધન દ્વારા ઈન્ટેન્સિફાઈડ મિશન ઈન્દ્રધનુષ (IMI) 3.0 લોન્ચ કરવામાં આવ્યું ..... 35
- QUESTION ANSWERS ..... 36


**26 FEB-2021**


- ICGS C-453 ઈન્ટરસેપ્ટર બોટને ચેન્નાઈ ખાતે સેવારત કરવામાં આવી ..... 37
- મધ્યપ્રદેશમાં 47મા 'ખજૂરાહો ડાન્સ ફેસ્ટિવલ'નું આયોજન કરવામાં આવ્યું ..... 38
- QUESTION ANSWERS ..... 40


**27 FEB-2021**


- દિવસ મહિમા : 27ફેબ્રુઆરી, (World NGO Day) ..... 41
- ટેરર ફંડિંગ મામલે પાકિસ્તાન જૂન 2021 સુધી FATFનાં ગ્રે લિસ્ટમાં જ રહેશે ..... 41
- નિકાસલક્ષી મરીન ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા માટે MPEDA-NCDC વચ્ચે MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા ..... 42
- ભારત દ્વારા એન્ટિ-ટેન્ક મિસાઈલ 'હેલિના' અને 'ધ્રુવાસ્ત્ર'નું સફળતાપૂર્વક પરીક્ષણ હાથ ધરવામાં આવ્યું ..... 43
- VL-SRSAM મિસાઈલ સિસ્ટમનું ઓડિશાના ચાંદીપુર ખાતે સફળતાપૂર્વક લોન્ચિંગ કરવામાં આવ્યું ..... 45
- કર્ણાટક દ્વારા ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ 2021નું આયોજન કરવામાં આવશે ..... 46
- QUESTION ANSWERS ..... 48

ONE LINER ..... 50

QUESTION OF THIS WEEK ..... 55


INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ICE દ્વારા ONLINE UPLOAD કરવામાં આવતું DAILY & WEEKLY FREE MATERIALS

www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

| | |
|---|---|
| દિવસ મહિમા | 7:00 AM |
| GPSC MAINS Q & A | 11:00 AM |
| VOCAB | 01:00 PM |
| GPSC SPECIAL ARTICLE | 07:00 PM |
| ICE DAILY DOSE | 08:00 PM |
| MATHS EASY SOLUTIONS | EVERY SUNDAY 02:00 PM |
| ICE MAGIC | EVERY MONDAY |
| ICE MIRACLE | EVERY WEDNESDAY |

# દિવસ મહિમા : 21 ફેબ્રુઆરી, (1) આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ (International Mother Language Day)

## આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ

ભાષાકીય અને સાંસ્કૃતિક વિવિધતા અંગે જાગૃતિ લાવવા તથા બહુભાષાવાદને પ્રોત્સાહન આપવા માટે 21 ફેબ્રુઆરીના રોજ સમગ્ર વિશ્વમાં 'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.




- 17 નવેમ્બર, 1999ના રોજ યુનેસ્કો દ્વારા 'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ'ની ઉજવણીની જાહેરાત કરવામાં આવી હતી.
- આ અંતર્ગત સૌપ્રથમ 21 ફેબ્રુઆરી, 2000ના રોજ 'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.
- બાંગ્લાદેશમાં વર્ષ 1952માં થયેલી બંગાળી ભાષા ચળવળને માન્યતા આપવા માટે 21 ફેબ્રુઆરીના રોજ 'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- UNESCO દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષ 2021ના 'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ'ની થીમ 'Fostering Multilingualism for Inclusion in education and society' છે.

**ICE FACTS :**

(1) UNESCOનું પૂરુંનામ 'યુનાઈટેડ નેશન્સ એજ્યુકેશનલ, સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન' છે.

(2) UNESCOનું વડુંમથક ફ્રાન્સની રાજધાની પેરીસ ખાતે આવેલું છે.

(3) યુનાઈટેડ નેશન્સની સામાન્યસભા દ્વારા વર્ષ 2008ને 'આંતરરાષ્ટ્રીય ભાષા વર્ષ' તરીકે ઉજવવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ (ISA)ના નવા ડિરેક્ટર જનરલ તરીકે ડો. અજય માથુરની નિમણૂક કરવામાં આવી

તેઓની નિમણૂક ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સના સભ્યોની પ્રથમ વિશેષસભામાં કરવામાં આવી હતી.

- ISAની બેઠક દર વર્ષે બોલાવવામાં આવે છે.
- ડો. અજય માથુરે ISAના ડિરેક્ટર જનરલ તરીકે **શ્રી ઉપેન્દ્ર ત્રિપાઠીનું સ્થાન લીધુ** છે.
- શ્રી ઉપેન્દ્ર ત્રિપાઠી વર્ષ 2015થી IASના ડિરેક્ટર જનરલ તરીકે સેવા આપી રહયા હતા.
- ISAનો ઉદ્દેશ **વર્ષ 2030** સુધીમાં **1 ટ્રિલિયન ડોલર**થી વધારે **રોકાણ** લાવવાનો છે.

### ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ (ISA) વિશે

ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ (ISA) **સૌર ઊર્જા** પર આધારિત **121 દેશોનું** સહયોગ સંગઠન છે.

- જેનો શુભારંભ **ભારત અને ફ્રાંસ** દ્વારા **30 નવેમ્બર, 2015**ના રોજ **ફ્રાંસના પેરિસમા** કરવામાં આવ્યો હતો.
- આ આંતરરાષ્ટ્રીય સંસ્થાની સ્થાપના અંગેની પહેલ વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સૌપ્રથમ** નવેમ્બર, 2015માં **લંડનના વેંબલી સ્ટેડિયમ**માં તેના ઉદ્બોધન દરમિયાન કરી હતી.
- ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ (ISA)નું મુખ્યમથક **હરિયાણા**ના **ગુરૂગ્રામ** ખાતે આવેલું છે.
- ISAના વર્તમાન ડિરેક્ટર જનરલ **ડો. અજય માથુર** છે.
- આ સંગઠન **કર્ક રેખા** (Tropic of Cancer) અને **મકર રેખા** (Tropic of Capricorn)ની વચ્ચે આવેલા દેશોને એક મંચ પર લાવશે.
- કર્ક રેખા અને મકરરેખા વચ્ચે આવેલા દેશોમાં સૌર ઊર્જાની ઉપલબ્ધતા વિપુલ પ્રમાણ છે.
- આ સંગઠનના સ્થાપનાનો હેતુ સ્વચ્છ ઊર્જા, ટકાઉ વાતાવરણ, જાહેર પરિવહન અને આબોહવાને સમર્થન આપવા માટે તમામ રાષ્ટ્રોને સાથે લાવવાનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ISAનું મુખ્યમથક

ISAનું મુખ્યમથક હરિયાણાના ગુરૂગ્રામમાં સ્થિત છે. જાન્યુઆરી 2016માં શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ શ્રી ફ્રેન્કોઈસ હોલાન્દેએ સંયુક્ત રીતે ISAના મુખ્યમથકનો પાયો નાખ્યો હતો.

- ISAનું મુખ્યમથક ગુરૂગ્રામ ખાતે આવેલા ગ્વાલ પહરીના નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ સોલાર એનર્જી (NISE)ના કેમ્પસ ખાતે સ્થાપવામાં આવ્યું છે.
- આ મુખ્યમથક સ્થાપવાના હેતુસર ભારત સરકારે નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ સોલાર એનર્જી (NISE)ના કેમ્પસમાં 5 એકર જમીન ફાળવી હતી.

## વન સન વન વર્લ્ડ વન ગ્રીડ (OSOWOG) વિશે

ISAએ 'વન સન વન વર્લ્ડ વન ગ્રીડ' નામની ભારતની વૈશ્વિક વિદ્યુત ગ્રીડ યોજનાને લાગુ કરવા માટેની નોડલ એજન્સી છે.

- આ યોજના દ્વારા બીજા પ્રદેશોની વીજળીની માંગને પહોંચી વળવા માટે સૌર ઊર્જા મદદરૂપ થશે.
- વન સન વન વર્લ્ડ વન ગ્રીડ વિઝન હેઠળ, ભારતનું લક્ષ્ય વૈશ્વિક સ્તર પર સૌર વીજળી ગ્રીડનો તબક્કાવાર વિકાસ કરવાનું છે.
- તેનાથી ઓછા ખર્ચે તેમજ શૂન્ય પ્રદૂષણ સાથે વીજળી ઉત્પન્ન કરવામાં મદદ મળશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ISA વર્લ્ડ સોલાર બેંક શરૂ કરશે

ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ નવેમ્બર, 2021માં સ્કોટલેન્ડના ગ્લાસ્ગો ખાતે યોજાનારી યુનાઈટેડ નેશન્સ કલાઈમેટ ચેન્જ કોન્ફરન્સમાં વર્લ્ડ સોલાર બેંક (WSB)ની સ્થાપના કરવાનું આયોજન કરી રહયું છે.

- ગ્લાસ્ગો ખાતે યોજાનારી COP-26માં ગ્રીન ફાયનાન્સ પર વધુ ભાર મૂકવામાં આવશે તેથી વર્લ્ડ સોલાર બેંકની સ્થાપના ખૂબ મહત્ત્વપૂર્ણ રહેશે.
- વર્લ્ડ સોલાર બેંકનું મુખ્યમથક ભારતમાં સ્થાપિત થવાની સંભાવના છે.
- WSBએ આગામી 10 વર્ષમાં ISAના સભ્યદેશોને આશરે 50 અબજ ડોલરનું વિતરણ કરવાની યોજના ધરાવે છે.

# કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયે 'પેય જળ સર્વેક્ષણ' શરૂ કર્યું

તાજેતરમાં **કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયે** પાયલોટ ધોરણે **'પેય જળ સર્વેક્ષણ'** શરૂ કર્યું છે.

- આ સર્વેક્ષણની શરૂઆત **'જળ જીવન મિશન-શહેરી' (JJM-U)** અંતર્ગત કરવામાં આવી છે.

## સર્વેક્ષણની મુખ્ય બાબતો

પેય જળ સર્વેક્ષણ **શહેરોમાં પાણીનું સમાન** વિતરણ અને **ગંદા પાણીનો ફરીથી ઉપયોગ** થાય તે સુનિશ્ચિત કરવામાં મદદરૂપ થશે.

- આ સર્વેક્ષણ વિવિધ જળસ્ત્રોતોનું મેપિંગ કરવામાં પણ મદદ કરશે.
- વિવિધ જળસ્ત્રોતોનું મેપિંગ તેના પડકારોને ધ્યાને લઈ જળની ક્વોલિટી (ગુણવત્તા) અને ક્વોન્ટિટી (જથ્થો)ના સંદર્ભમાં કરવામાં આવશે.
- આ સર્વેક્ષણ શરૂઆતમાં બદલાપુર, આગ્રા, ચુરૂ, ભુવનેશ્વર, મદુરાઈ, કોચિ, પટિયાલા, **સુરત**, રોહતક અને તુમકુર જેવા દેશના વિવિધ **10 શહેરો**માં શરૂ કરવામાં આવશે.

## જળ જીવન મિશન-શહેરી (JJM-U) વિશે

**કેન્દ્રીય બજેટ 2021-22**માં **જળ જીવન મિશન (શહેરી)**ની જાહેરાત કરવામાં આવી છે.

- **કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય** હેઠળ આ મિશનની જાહેરાત કરવામાં આવી છે.
- સંયુક્ત રાષ્ટ્રના **ટકાઉ વિકાસ લક્ષ્ય-6** અંતર્ગત તમામ ઘરોમાં પાણી પુરવઠાનું સાર્વત્રિક કવરેજ પૂરું પાડવા માટે કેન્દ્રીય બજેટ 2021-22માં જળ જીવન મિશન (શહેરી)નું પ્રાવધાન કરવામાં આવ્યું હતું.
- કેન્દ્રીય બજેટમાં નાણાંમંત્રીશ્રીએ કરેલી જાહેરાત અનુસાર જળ જીવન મિશન (શહેરી) અંતર્ગત **2.86 કરોડ ઘરોમાં નળના જોડાણો** અને સાથે સાથે તમામ **4,378 શહેરી સ્થાનિક એકમો**માં સાર્વત્રિક પાણી પુરવઠો પૂરો પાડવામાં આવશે.
- તેમજ **500 AMRUT** શહેરોમાં **પ્રવાહી કચરા વ્યવસ્થાપન**ની પણ જોગવાઈ કરવામાં આવી છે. તેના માટે આગામી પાંચ વર્ષમાં રૂપિયા **2,87,000 કરોડ**ની ફાળવણી કરવામાં આવી છે.

## AMRUT મિશન વિશે

AMRUTનું પૂરૂંનામ '<u>અટલ મિશન ફોર રીજ્યુવેનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન</u>' છે.

- આ મિશનને <u>કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય</u> દ્વારા <u>જૂન 2015</u>માં લોન્ચ કરવામાં આવ્યું હતું.
- આ મિશનનો હેતુ <u>દરેક ઘર સુધી ગટર જોડાણ</u> અને <u>પાણીની ઉપલબ્ધતા</u> સુનિશ્ચિત કરવાનો છે.
- જાહેર પરિવહનનો ઉપયોગ વધારીને તેમજ સાઈકલિંગ અને વોકિંગ (ચાલવું) જેવી આદતો દ્વારા પ્રદૂષણ ઘટાડવા આ યોજના અતંર્ગત આહ્‌વાહન કરવામાં આવ્યું છે.

## IIT મદ્રાસ દ્વારા 'Pimo' ઈબાઈક લોન્ચ કરવામાં આવી

IIT મદ્રાસના ઈનક્યુબેટેડ સ્ટાર્ટ–અપ <u>Pi બીમએ</u> તાજેતરમાં <u>'Pimo' નામની ઈલેક્ટ્રીક ટુ-વ્હીલર</u> લોન્ચ કરી છે.



### મુખ્ય બાબતો

Pi બીમ દ્વારા નાણાકીય વર્ષ 2021-22ના અંત સુધીમાં 10,000 ઈલેક્ટ્રીક વાહનોના વેચાણનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

- આ બાઈકની રચના IIT મદ્રાસના <u>શ્રી એલમ વિસાખ શશીકુમાર</u> દ્વારા કરવામાં આવી હતી.
- 100 જેટલા ગ્રાહકોએ અગાઉથી જ ઈ–બાઈકનું બુકીંગ કરાવ્યું હતું.

### Pimo વિશે

Pimo ઈલેક્ટ્રીક ટુ–વ્હીલર સ્માર્ટફોન કરતા વધુ ઝડપથી ચાર્જ કરી શકાય છે.

- આ બાઈક <u>50 કિ.મી. સુધીની રેન્જ</u> ધરાવે છે.
- આ બાઈક અન્ય બાઈક કરતાં ઘણુ ટકાઉ અને સસ્તું છે. તેની કિંમત <u>આશરે 30,000 રૂપિયા</u> છે.
- આ ઈ–બાઈક વ્યકિતગત અને વ્યાવસાયિક જરૂરિયાતો માટે લોન્ચ કરવામાં આવ્યું છે.
- તેના માટે લાઈસન્સ અથવા નોંધણીની જરૂરિયાત પડતી નથી.
- આ બાઈકમાં ઉપયોગમાં લેવામાં આવેલા 90% પાર્ટ્સનું ભારતમાં ઉત્પાદન કરવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## Pimo ઈ-બાઈકની વિશેષતા

આ ઈ–બાઈકની **<u>ટોચની સ્પીડ 25 કિ.મી. પ્રતિ કલાકની</u>** છે.

- આ ઈ–બાઈક ઈલેક્ટ્રીક સાયકલ અને એન્ટ્રી લેવલના ઈલેક્ટ્રીક સ્કૂટર વચ્ચે સામ્યતા ધરાવે છે.
- તેમજ તે **<u>બેટરી સ્વેપીંગ ટેક્નોલોજી</u>** પણ ધરાવે છે.

## બેટરી સ્વેપીંગ ટેક્નોલોજી

બેટરી સ્વેપીંગ ટેકનલોજીનો ઉપયોગ કરીને ડ્રેઈન (શુષ્ક) થયેલી બેટરીની જગ્યાએ પૂર્ણ રીતે ચાર્જ થયેલી બેટરીને રાખી શકાય છે.

## Pi બીમ ઈલેક્ટ્રીક વિશે

Pi બીમ ઈલેક્ટ્રીકએ **<u>IIT મદ્રાસનું ઈનક્યુબેટેડ સ્ટાર્ટઅપ</u>** છે.

- આ કંપની વ્યક્તિગત અને વ્યાવસાયિક ઉપયોગ માટે ગ્રીન, સ્ટાઈલિશ, અફોર્ડેબલ અને ઉપયોગમાં સરળ એવા ઈલેક્ટ્રીક વિહીકલની સુવિધા પૂરી પાડે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS




1. 'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 19 ફેબ્રુઆરી (B) 20 ફેબ્રુઆરી (C) 21 ફેબ્રુઆરી (D) 22 ફેબ્રુઆરી (C)

2. UNESCO દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષ 2021ના 'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ'ની થીમ શું છે ?
(A) Our Languages, Our Assets
(B) Languages without Borders
(C) Languages and world
(D) Fostering Multilingualism for Inclusion in education and society (D)

3. યુનાઈટેડ નેશન્સની સામાન્ય સભા દ્વારા કયા વર્ષને 'આંતરરાષ્ટ્રીય ભાષા વર્ષ' તરીકે ઉજવવામાં આવ્યું હતું ?
(A) 2006 (B) 2008 (C) 2009 (D) 2010 (B)

4. ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ (ISA)ના નવા ડિરેક્ટર જનરલ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી ?
(A) ડો. અજય માથુર (B) ડો. અજય ઠાકુર
(C) ડો. ઉપેન્દ્ર ત્રિપાઠી (D) ડો. અભિલાષ ચક્રવર્તી (A)

5. ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ વિશેષ સાચું વિધાન/વિધાનો જણાવો ?
1. ISAનો શુભારંભ ભારત અને ફ્રાંસ દ્વારા 30 નવેમ્બર, 2015ના રોજ ફ્રાંસના પેરિસમાં કરવામાં આવ્યો હતો.
2. આ સંસ્થાની સ્થાપના અંગેની પહેલ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરી હતી.
3. તેનું મુખ્યમથક હરિયાણાના ગુરૂગ્રામ ખાતે આવેલું છે.
4. આ સંગઠન કર્કરેખા અને મકરરેખાની વચ્ચે આવેલા દેશોને એક મંચ પર લાવવાનું કાર્ય કરી રહ્યું છે.
(A) 1, 2, 3 (B) 1, 2, 3, 4 (C) 2, 3, 4 (D) 1, 2, 4 (B)

6. ISA વર્લ્ડ સોલાર બેંકની સ્થાપના ક્યારે કરવામાં આવશે ?
(A) COP-26 (B) COP-27 (C) COP-28 (D) COP-29 (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

7. તાજેતરમાં 'પેય જળ સર્વેક્ષણ' કયા મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવ્યું છે ?

(A) કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય

(B) કેન્દ્રીય વન, પર્યાવરણ અને આબોહવા પરિવર્તન મંત્રાલય

(C) કેન્દ્રીય જળશક્તિ મંત્રાલય

(D) ઉપર પૈકી એકપણ નહીં

(A)

8. 'જળ જીવન મિશન–શહેરી' (JJM-U) વિશે સાચું વિધાન/વિધાનો જણાવો ?

1. કેન્દ્રીય બજેટ 2020-21માં આ મિશનની જાહેરાત કરવામાં આવી છે.
2. કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય હેઠળ આ મિશનની જાહેરાત કરવામાં આવી છે.
3. આ મિશન અંતર્ગત 500 AMRUT શહેરોમાં પ્રવાહી કચરા વ્યવસ્થાપનની જોગવાઈ કરવામાં આવી છે.
4. AMRUT નું પૂરુંનામ 'અટલ મિશન ફોર રીજ્યુવેનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન' છે.

(A) 1, 2, 3, 4 (B) 2, 3, 4 (C) 1, 2, 4 (D) 1, 2, 3

(B)

9. 'Pimo' ઈ–બાઈક તાજેતરમાં કોના દ્વારા લોન્ચ કરવામાં આવી ?

(A) IIT મુંબઈ (B) IIT ખડગપુર (C) IISC બેંગાલુરુ (D) IIT મદ્રાસ

(D)

10. 'Pimo' ઈ–બાઈક વિશે સાચું વિધાન/વિધાનો જણાવો ?

1. IIT મદ્રાસના ઈનક્યુબેટેડ સ્ટાર્ટ–અપ Pi બીમએ આ બાઈક લોન્ચ કરી છે.
2. આ બાઈકની રચના IIT મદ્રાસના શ્રી એલમ વિશાખ શશીકુમાર દ્વારા કરવામાં આવી હતી.
3. આ બાઈક 50 કિ.મી. સુધીની રેન્જ ધરાવે છે.
4. આ બાઈકમાં બેટરી સ્વેપીંગ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

(A) 1, 2, 3 (B) 1, 2, 4 (C) 1, 2, 3, 4 (D) 2, 3, 4

(C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 22 ફેબ્રુઆરી, વિશ્વ ચિંતન દિવસ (World Thinking Day)

## ઓસ્ટ્રેલિયન ઓપન 2021 : સર્બિયાના શ્રી નોવાક જોકોવિચ રેકોર્ડ નવમી વખત ચેમ્પિયન

તાજેતરમાં 8 ફેબ્રુઆરીથી 21 ફેબ્રુઆરી 2021 દરમિયાન ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન પાર્ક ખાતે 109મી ઓસ્ટ્રેલિયન ઓપન ટેનિસ ટૂર્નામેન્ટ 2021નું આયોજન થયું હતું.

- આ ટૂર્નામેન્ટમાં **'મેન્સ સિંગલ્સ'**ની ફાઈનલ મેચમાં રશિયાના **શ્રી ડેનિલ મેદવેદેવ**ને પરાજય આપીને સર્બિયાના **શ્રી નોવાક જોકોવિચે** રેકોર્ડ **નવમી વખત** આ ટાઈટલ જીતી લીધું છે.
- આ સાથે જ શ્રી નોવાક જોકોવિચ સૌથી વધુ 9 વખત ઓસ્ટ્રેલિયન ઓપનનું 'મેન્સ સિંગલ્સ' ટાઈલ જીતનાર **વિશ્વના પ્રથમ ખેલાડી** બની ગયા છે.
- તેમજ શ્રી નોવાક જોકોવિચે **18મો ગ્રાન્ડ સ્લેમ** જીત્યો છે.
- જ્યારે જાપાનના સુશ્રી નાઓમી ઓસાકાએ અમેરિકાના સુશ્રી જેનિફર બ્રેડીને પરાજય આપીને 'મહિલા સિંગલ્સ'નું ટાઈટલ જીતી લીધું છે.
- **સુશ્રી નાઓમી ઓસાકા**એ જીતેલું આ **ચોથું ગ્રાન્ડ સ્લેમ** તથા **બીજું ઓસ્ટ્રેલિયન ઓપન** ટાઈટલ છે.

### ઓસ્ટ્રેલિયન ઓપન 2021 વિજેતા

| ક્રમ | ટાઈટલ | વિજેતા/વિજેતાઓ | કોને હરાવીને ? |
|---|---|---|---|
| 1 | મેન્સ સિંગલ્સ | શ્રી નોવાક જોકોવિચ (સર્બિયા) | શ્રી ડેનિલ મેદવેદેવ (રશિયા) |
| 2 | વિમેન્સ સિંગલ્સ | સુશ્રી નાઓમી ઓસાકા (જાપાન) | સુરી જેનિફર બ્રેડી (અમેરિકા) |
| 3 | મેન્સ ડબલ્સ | શ્રી ઈવાન ડોડિગ (ક્રોએશિયા) | શ્રી રાજીવ રામ (અમેરિકા) |
| | | શ્રી ફિલિપ પોલાસેક (સ્લોવેકિયા) | શ્રી જો સેલિસ્બરી (બ્રિટન) |
| 4 | વિમેન્સ ડબલ્સ | સુશ્રી ઈલિસ મર્ટિન્સ (બેલ્જિયમ) | સુશ્રી બાર્બરા ક્રેજકોવા (ચેપ રિપબ્લિક) |
| | | સુશ્રી અરિના સબાલેન્કા (બેલારૂસ) | સુશ્રી કેટરીના સિનીયાકોવા (ચેક રિપબ્લિક) |
| 5 | મિક્સ ડબલ્સ | સુશ્રી બાર્બરા ક્રેજકોવા (ચેક રિપબ્લિક) | સુશ્રી સમંથા સ્ટોસુર (ઓસ્ટ્રેલિયા) |
| | | શ્રી રાજીવ રામ (અમેરિકા) | શ્રી મેથ્યૂ એબ્ડેન (ઓસ્ટ્રેલિયા) |

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટૂર્નામેન્ટ

ટેનિસની રમતની **ચાર** સૌથી મોટી ટૂર્નામેન્ટમાં **ઓસ્ટ્રેલિયન ઓપન**, **ફ્રેન્ચ ઓપન**, વિમ્બલ્ડન અને યુ.એસ. ઓપનનો સમાવેશ થાય છે.

- ટેનિસની રમતની આ ચારેય સૌથી મોટી ટૂર્નામેન્ટ **ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટૂર્નામેન્ટ** તરીકે ઓળખાય છે.
- ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટૂર્નામેન્ટમાં મુખ્ય ચાર ટૂર્નામેન્ટનો સમાવેશ થાય છે.

### વિવિધ ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટૂર્નામેન્ટ વિશે

| ક્રમ | ટૂર્નામેન્ટ | ક્યારે યોજાય છે ? | ક્યા યોજાય છે ? | પ્રારંભ | કઈ કોર્ટ પર રમાય છે ? |
|---|---|---|---|---|---|
| 1. | ઓસ્ટ્રેલિયા ઓપન | જાન્યુઆરી (આ વર્ષે કોવિડ-19 મહામારીને કારણે ફેબ્રુઆરીમાં આયોજન થયું હતું.) | મેલબોર્ન (ઓસ્ટ્રેલિયા) | 1905 | હાર્ડ કોર્ટ |
| 2 | ફ્રેન્ચ ઓપન | મે/જૂન | પેરીસ (ફ્રાન્સ) | 1891 | ક્લેકોર્ટ |
| 3 | વિમ્બલ્ડન ચેમ્પિયનશિપ | જૂન/જુલાઈ | લંડન (ઈંગ્લેન્ડ) | 1877 | ગ્રાસ કોર્ટ |
| 4 | યુ.એસ. ઓપન | ઓગસ્ટ/ સપ્ટેમ્બર | ન્યૂયોર્ક (અમેરિકા) | 1881 | હાર્ડકોર્ટ |

- **ઓસ્ટ્રેલિયન ઓપન**એ દર વર્ષે **વર્ષના પ્રારંભે** યોજાતી ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટૂર્નામેન્ટ છે.
- **યુએસ ઓપન** એ દર વર્ષે **વર્ષના અંતે** યોજાતી ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટૂર્નામેન્ટ છે.
- **વિમ્બલ્ડન** એ **સૌથી જૂની** ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટૂર્નામેન્ટ છે.

### ICE FACTS

(1) **ટેનિસનું** મેદાન **કોર્ટ** તરીકે ઓળખાય છે.

(2) ટેનિસ ઉપરાંત કબડ્ડી, વોલીબોલ, હેન્ડબોલ, બેડમિન્ટન, નેટબોલ, ખો–ખો વગેરેનું મેદાન પણ કોર્ટ તરીકે જ ઓળખાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દાદાસાહેબ ફાળકે ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ એવોર્ડ્ઝ 2021ની જાહેરાત


સિનેમા, ટીવી અને વેબ સીરિઝમાંથી બેસ્ટ ટેલેન્ટને સન્માનિત કરવા માટે દાદાસાહેબ ફાળકે ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ એવોર્ડ્ઝ આપવામાં આવે છે. જે અંતર્ગત વર્ષ 2021 માટે દાદાસાહેબ ફાળકે ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ એવોર્ડ્ઝના વિજેતા વ્યક્તિઓની યાદી નીચે મુજબ છે :

### દાદાસાહેબ ફાળકે ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ એવોર્ડ્ઝ 2021ના વિજેતાઓ

1. બેસ્ટ એક્ટર (ફિમેલ) : સુશ્રી દીપિકા પાદુકોણ, છપાક ફિલ્મ માટે
2. બેસ્ટ એક્ટર (મેલ) : શ્રી અક્ષયકુમાર, લક્ષ્મી ફિલ્મ માટે
3. ક્રિટિક્સ બેસ્ટ એક્ટ્રેસ : સુશ્રી કિઅેરા અડવાણી, ગિલ્ટી ફિલ્મ માટે
4. ક્રિટિક્સ બેસ્ટ એક્ટર : શ્રી સુશાંતસિંઘ રાજપૂત (મરણોપરાંત)
5. બેસ્ટ ફિલ્મ : તાનાજી : ધ અનસંગ વોરિયર
6. બેસ્ટ ઈન્ટરનેશનલ ફીચર ફિલ્મ : પેરેસાઈટ
7. મોસ્ટ વર્સેટાઈલ એક્ટર : શ્રી કે. કે. મેનન
8. બેસ્ટ ડિરેક્ટર : શ્રી અનુરાગ બાસુ, લુડો
9. બેસ્ટ એક્ટર ઈન સપોર્ટિંગ રોલ : શ્રી વિક્રાંત મેસ્સી, છપાક ફિલ્મ માટે
10. બેસ્ટ એક્ટ્રેસ ઈન સપોર્ટિંગ રોલ : સુશ્રી રાધિકા મેનન
11. બેસ્ટ એક્ટર (વેબ સીરિઝ) : શ્રી બોબી દેઓલ, આશ્રમ
12. બેસ્ટ એક્ટ્રેસ (વેબ સીરિઝ) : સુશ્રી સુસ્મિતા સેન, આર્યા
13. બેસ્ટ વેબ સીરિઝ : સ્કેમ : 1992
14. આલ્બમ ઓફ ધ યર : તિતલિયાં
15. બેસ્ટ ટેલિવિઝન સીરિઝ : કુંડલી ભાગ્ય
16. પરફોર્મર ઓફ ધી યર : સુશ્રી નોરા ફતેહી
17. આઉટસ્ટેન્ડિંગ કન્ટ્રિબ્યૂશન ટુ ફિલ્મ ઈન્ડસ્ટ્રી : શ્રી ધર્મેન્દ્ર
18. આઉટસ્ટેન્ડિંગ કન્ટ્રિબ્યૂશન ટુ લિટરેચર ઈન ઈન્ડિયન સિનેમા : શ્રી ચેતન ભગત

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દાદા સાહેબ ફાળકે એવોર્ડ



દાદાસાહેબ ફાળકે પુરસ્કાર ભારતીય સિનેમાનો સર્વોચ્ચ પુરસ્કાર છે.

- કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા સ્થાપિત એક સંસ્થા ડિરેક્ટોરેટ ઓફ ફિલ્મ ફેસ્ટિવલ દ્વારા દર વર્ષે રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ સમારોહમાં તે રજૂ કરવામાં આવે છે.
- ભારતીય સિનેમાના વિકાસમાં આજીવન ઉત્કૃષ્ટ યોગદાન બદલ આ પુરસ્કાર એનાયત કરવામાં આવે છે.
- ભારતીય ફિલ્મ ઉદ્યોગની જાણીતી હસ્તીઓની બનેલી સમિતિ દ્વારા પુરસ્કાર માટે યોગ્ય હોય તેવી વ્યકિતની પસંદગી કરવામાં આવે છે.
- આ અંતર્ગત એક સ્વર્ણ કલમ (ગોલ્ડન લોટસ) મેડલ, શાલ અને 10 લાખ રૂપિયા રોકડ પુરસ્કાર સ્વરૂપે વિજેતા વ્યકિતને આપવામાં આવે છે.
- ભારતીય સિનેમામાં શ્રી દાદાસાહેબ ફાળકેના યોગદાનને યાદ કરવા માટે સૌપ્રથમ વખત વર્ષ 1969માં આ પુરસ્કારની શરૂઆત કરવામાં આવી હતી.

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ICE FACTS

(1) સૌપ્રથમ વખત દાદાસાહેબ ફાળકે પુરસ્કાર વર્ષ 1969માં સુશ્રી દેવીકા રાનીને આપઢ વામાં આવ્યો હતો.

(2) વર્ષ 2018માં આ પુરસ્કાર શ્રી અમિતાભ બચ્ચનને આપવામાં આવ્યો છે.

(3) શ્રી દાદાસાહેબ ફાળકે 'ફાધર ઓફ ઈન્ડિયન સિનેમા' તરીકે સુપ્રસિદ્ધ છે.

# QUAD જૂથની ત્રીજી મંત્રીમંડળ કક્ષાની બેઠકનું આયોજન

18 ફેબ્રુઆરી, 2021ના રોજ ક્વાડ્રીલેટરલ સિક્યુરિટી ડાયલોગ (QUAD)ના વિદેશમંત્રીઓની બેઠકનું આયોજન વર્ચ્યુઅલી કરવામાં આવ્યું હતું.

- QUAD જૂથની ત્રીજી મંત્રીમંડળ કક્ષાની બેઠકમાં ભારત, ઓસ્ટ્રેલિયા, જાપાન અને યુ.એસ.એ.ના વિદેશીમંત્રીઓએ ભાગ લીધો હતો. આ બેઠક દરમિયાન ભારતના વિદેશીમંત્રી શ્રી એસ. જયશંકર ઉપસ્થિત રહયા હતા.

## મુખ્ય બાબતો

વૈશ્વિક અને પ્રાદેશિક મુદ્દાઓ પર વિચારોની આપ–લે આ બેઠક દરમિયાન થઈ હતી.

- તેના અંતર્ગત ખુલ્લુ, મુકત અને સમાવેશી ઈન્ડો–પેસિફિક રિજિયન બનાવવા માટે સહયોગ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.
- કવાડ જૂથની બીજી મીટિંગનું આયોજન 6 ઓકટોબર, 2020ના રોજ જાપાનના ટોકયો ખાતે કરવામાં આવ્યું હતું.
- તેમજ આ જૂથની પ્રથમ મીટિંગનું આયોજન અમેરિકાના ન્યૂયોર્ક ખાતે કરવામાં આવ્યું હતું.

## Quadrilateral Security Dialogue (QSD) વિશે

તેની સ્થાપના વર્ષ 2007માં કરવામાં આવી હતી.

- તેના સભ્યદેશોમાં ઓસ્ટ્રેલિયા, ભારત, જાપાન અને અમેરિકાનો સમાવેશ થાય છે.
- આ જૂથને 'ક્વાડ' અથવા 'એશિયન નાટો' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- તેના સભ્યદેશો વચ્ચે અર્ધ–નિયમિત શિખર સંમેલન, માહિતીનું આદાન–પ્રદાન અને સૈન્ય અભ્યાસ હાથ ધરવામાં આવે છે.




INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આસામમાં 'મહાબાહુ-બ્રહ્મપુત્રા' પહેલ અને અન્ય વિકાસ પરિયોજનાઓનો શુભારંભ કર્યો

18 ફેબ્રુઆરી, 2021ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આસામમાં 'મહાબાહુ-બ્રહ્મપુત્રા' પહેલની શરૂઆત કરી હતી.

- સાથે સાથે તેઓએ ધુબરી-ફુલબારી બ્રિજ અને માઝુલી બ્રિજના નિર્માણ માટે પણ ભૂમિપૂજન કર્યું હતું.

### મહાબાહુ-બ્રહ્મપુત્રા પહેલ વિશે

રો–પેક્સ વેસલ ઓપરેશન્સની કામગીરીના ઉદ્‌ઘાટનની સાથે મહાબાહુ–બ્રહ્મપુત્રા પહેલનો પ્રારંભ થઈ રહ્યો છે.

- મહાબાહુ–બ્રહ્મપુત્રા પહેલની સાથે રો–પેક્સ વેસલ ઓપરેશન્સની કામગીરી નેમાટીઘાટ અને માઝુલી દ્વિપ, ધુબરી અને હાટસિંગમારી તેમજ ઉત્તર ગુવાહાટી અને દક્ષિણ ગુવાહાટી વચ્ચે હાથ ધરવામાં આવશે.
- આ પહેલ અંતર્ગત આસામના જોગીઘોપા ખાતે એક ઈનલેન્ડ વોટર ટ્રાન્સપોર્ટ ટર્મિનલનું ઉદ્‌ઘાટન પણ કરવામાં આવશે.
- આસામમાં નદી પર્યટન અને રોજગારને પ્રોત્સાહન આપવા માટે વિવિધ ચાર સ્થળોએ ટૂરિસ્ટ જેટીનું પણ ઉદ્‌ઘાટન કરવામાં આવી રહયું છે.
- આ પરિયોજના અંતર્ગત ભારતના પૂર્વી રાજ્યોમાં કનેક્ટિવિટી વધુ સરળ બનશે.

### રો-પેક્સ સર્વિસ વિશે

મહાબાહુ–બ્રહ્મપુત્રા પહેલ અંતર્ગત આસામ રાજ્યમાં રો–પેક્સ સેવા શરૂ કરવામાં આવશે.

- રો–પેક્સ વેસલ ઓપરેશનની મદદથી કામગીરી અને મુસાફરીનો સમય ઘટાડવામાં મદદ મળશે.
- તે નદીઓ વચ્ચે જોડાણની સુવિધા પણ પ્રદાન કરશે.
- તે મુસાફરીના અંતરને પણ ઘટાડશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ધુબરી-ફુલબારી બ્રિજ વિશે

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ફોર લેન ધુબરી–ફુલબારી બ્રિજનો શિલાન્યાસ પણ કર્યો હતો.

- આ પુલનું નિર્માણ **NH-127B** પર કરવામાં આવશે.
- **બ્રહ્મપુત્રા નદી** પર નિર્માણ પામી રહેલ ધુબરી–ફુલબારી બ્રિજ **દેશનો સૌથી લાંબો નદી બ્રિજ** બનશે.
- આ બ્રિજ **આસામના ધુબરી**ને **મેઘાલયના ફુલબારી** સાથે જોડશે.
- તેની મદદથી 205 કિલોમીટરનું અંતર ફક્ત 19 કિલોમીટર થઈ જશે જેનાથી સમય અને ઈંધણ બંનેની બચત થશે.
- આ પ્રોજેક્ટ માટે કુલ ખર્ચ 4,997 કરોડ થશે.



1. 8 ફેબ્રુઆરી થી 21 ફેબ્રુઆરી, 2021માં દરમિયાન ઓસ્ટ્રેલિયન ઓપન 2021 ટેનિસ ટૂર્નામેન્ટનું આયોજન કયાં થયું હતું ?
(A) પેરીસ (B) મેલબોર્ન (C) લંડન (D) ન્યૂયોર્ક **(B)**

2. ઓસ્ટ્રેલિયન ઓપન 2021માં મેન્સ સિંગલ્સ ટાઈટલ વિજેતા ખેલાડીનું નામ શું છે ?
(A) શ્રી રાફેલ નડાલ (B) શ્રી રોજર ફેડરર
(C) શ્રી નોવાક જોકોવિચ (D) શ્રી નિકોલસ મહૂત **(C)**

3. તાજેતરમાં સૌથી વધુ 9 વખત ઓસ્ટ્રેલિયન ઓપનનું મેન્સ સિંગલ્સ ટાઈટલ જીતનાર વિશ્વના પ્રથમ ખેલાડી કોણ બન્યા છે ?
(A) શ્રી નોવાક જોકોવિચ (B) શ્રી રોજર ફેડરર
(C) શ્રી રાફેલ નડાલ (D) શ્રી નિકોલસ મહૂત **(A)**

4. તાજેતરમાં ઓસ્ટ્રેલિયન ઓપનમાં મેન્સ સિંગલ્સ ટાઈટલ વિજેતા શ્રી નોવાક જોકોવિચ કયા દેશના છે ?
(A) સ્પેન (B) જાપાન (C) ચીન (D) સર્બિયા **(D)**

5. તાજેતરમાં ઓસ્ટ્રેલિયન ઓપન 2021માં વિમેન્સ સિંગલ્સ ટાઈટલ વિજેતા ખેલાડીનું નામ શું છે ?
(A) સુશ્રી કેરોલિન વોઝનિયાકી (B) સુશ્રી પેટ્રા કિવટોવા
(C) સુશ્રી નાઓમી ઓસાકા (D) સુશ્રી જૈનિફર બ્રેડી **(C)**

6. દર વર્ષે વર્ષના આરંભે કઈ ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવે છે ?
(A) યુ.એસ. ઓપન (B) વિમ્બલ્ડન ચેમ્પિયન શિપ
(C) ઓસ્ટ્રેલિયન ઓપન (D) ફ્રેન્ચ ઓપન **(C)**

7. દર વર્ષે વર્ષના અંતે કઈ ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવે છે ?
(A) યુ.એસ. ઓપન (B) ફ્રેન્ચ ઓપન
(C) વિમ્બલ્ડન ચેમ્પિયનશિપ (D) ઓસ્ટ્રેલિયન ઓપન **(A)**

8. સૌથી જૂની ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટૂર્નામેન્ટ કઈ છે ?
(A) યુ.એસ. ઓપન (B) ફ્રેન્ચ ઓપન
(C) વિમ્બલ્ડન ચેમ્પિયનશિપ (D) ઓસ્ટ્રેલિયન ઓપન **(C)**

9. દાદા સાહેબ ફાળકે ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ એવોર્ડ્ઝ 2021 અંતર્ગત તાજેતરમાં બેસ્ટ એકટર (ફિમેલ)નો એવોર્ડ કોને મળ્યો છે ?
(A) સુશ્રી આલિયા ભટ્ટ (B) સુશ્રી દીપિકા પાદુકોણ
(C) સુશ્રી કિઅેરા અડવાણી (D) સુશ્રી સુસ્મિતા સેન **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

10. દાદાસાહેબ ફાળકે ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ એવોર્ડ્ઝ 2021 અંતર્ગત તાજેતરમાં બેસ્ટ એક્ટર (મેલ)નો એવોર્ડ કોને મળ્યો છે ?

(A) શ્રી સલમાન ખાન (B) શ્રી શાહરૂખ ખાન
(C) શ્રી અક્ષય કુમાર (D) શ્રી આમિર ખાન **(C)**

11. દાદાસાહેબ ફાળકે ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ એવોર્ડ્ઝ 2021 અંતર્ગત 'ક્રિટીક્સ બેસ્ટ એક્ટર'નો એવોર્ડ તાજેતરમાં કોને એનાયત થયો છે ?

(A) શ્રી સુશાંતસિંઘ રાજપૂત (B) શ્રી વરૂણ ધવન
(C) શ્રી રણવિર સિંહ (D) શ્રી રણવિર કપૂર **(A)**

12. QUAD જૂથની તાજેતરમાં કેટલામી બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું ?

(A) પ્રથમ (B) બીજી (C) ત્રીજી (D) ચોથી **(C)**

13. 'Quadrilateral Security Dialogue' વિશે સાચા વિધાનો જણાવો ?

1. તેની સ્થાપના વર્ષ 2007માં કરવામાં આવી હતી.
2. તેના ચાર સભ્યોમાં ભારત, ઓસ્ટ્રેલિયા, જાપાન અને અમેરિકાનો સમાવેશ થાય છે.
3. આ જૂથને 'એશિયન નાટો' તરીકે પણ ઓળખવામાં આવે છે.

(A) 1, 2 (B) 2, 3 (C) 1, 3 (D) 1, 2, 3 **(D)**

14. 'મહાબાહુ–બ્રહ્મપુત્રા' પહેલ વિશે સાચાં વિધાનો ચકાસો ?

1. તાજેતરમાં તેની શરૂઆત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરી છે.
2. આ પહેલની સાથે રો–પેક્સ વેસલ ઓપરેશન્સની કામગીરીની પણ શરૂઆત કરવામાં આવી છે.
3. આ પહેલ અતંર્ગત આસામના જોગીઘોપા ખાતે એક ઈનલેન્ડ વોટર ટ્રાન્સપોર્ટ ટર્મિનલનું પણ ઉદ્દઘાટન કરવામાં આવશે.
4. આ પહેલની શરૂઆત આસામમાં કરવામાં આવી છે.

(A) 1, 2, 3 (B) 1, 2, 3, 4 (C) 2, 3, 4 (D) 1, 2, 4 **(B)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી રામભાઈ મોકરિયા અને શ્રી દિનેશચંદ્ર અનાવાડિયા ગુજરાત તરફથી રાજ્યસભામાં બિનહરીફ વિજેતા

તાજેતરમાં **શ્રી એહમદભાઈ પટેલ** તથા **શ્રી અભયભાઈ ભારદ્વાજ**નું નિધન થયું હતું તેથી ગુજરાત રાજ્યસભાની તેઓની બંને બેઠકો ખાલી પડી હતી.

- ખાલી પડેલી આ જગ્યાઓ ઉપર ભાજપના **શ્રી દિનેશચંદ્ર જેમલભાઈ અનાવાડિયા** અને **શ્રી રામભાઈ હરિભાઈ મોકરિયા** પેટાચૂંટણીમાં ચૂંટાયેલા જાહેર થયા છે.
- **કેન્દ્રીય ચૂંટણીપંચે** આ પરિણામ જાહેર કર્યું હતું.
- શ્રી રામભાઈ મોકરિયા એ **મારુતિ કુરિયર** કંપનીના CMD છે.
- જ્યારે ખેતી અને હીરાઉદ્યોગ સાથે સંકળાયેલા શ્રી દિનેશચંદ્ર અનાવાડિયા મૂળ **બનાસકાંઠાના** વતની છે.
- શ્રી રામભાઈ મોકરિયા **જૂન 2026** સુધી અને શ્રી દિનેશભાઈ અનાવાડિયા **ઓગસ્ટ 2023** સુધી રાજ્યસભાના સભ્ય તરીકે સેવારત રહેશે.

### રાજ્યસભા

ભારતીય બંધારણના **અનુચ્છેદ 80** અંતર્ગત **રાજ્યસભાની રચના** અંગે જોગવાઈ કરવામાં આવી છે.

- આ જોગવાઈ અનુસાર ભારતમાં રાજ્યસભાના સભ્યોની **મહત્તમ સંખ્યા 250** સુધી રાખી શકાય છે.
- જોકે, ભારતમાં હાલ રાજ્યસભાના સભ્યોની સંખ્યા **245** છે.
- આ 245 સભ્યોમાંથી 12 સભ્યોની કલા, સાહિત્ય વિજ્ઞાન, સમાજસેવા જેવા ક્ષેત્રોમાંથી **રાષ્ટ્રપતિ** દ્વારા નિમણૂક કરવામાં આવે છે.
- આથી ભારતમાં હાલ **245-12 = 233** સભ્યો રાજ્યસભામાં **ચૂંટાઈને** આવે છે.
- જોકે, આ સંખ્યા વધારીને **મહત્તમ 238** સુધી કરી શકાય છે. (238 + 12 રાષ્ટ્રપતિ દ્વારા નિમણૂક = 250 કુલ મહત્તમ સંખ્યા)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

| ભારતમાં રાજ્યસભાની સભ્ય સંખ્યા | | |
|---|---|---|
| ક્રમ | વિશેષતા | સંખ્યા |
| 1 | કુલ મહત્તમ સભ્ય સંખ્યા | 250 |
| 2 | હાલમાં કુલ સભ્ય સંખ્યા | 245 |
| 3 | રાષ્ટ્રપતિ દ્વારા મહત્તમ નિમણૂક | 12 |
| 4 | હાલમાં રાષ્ટ્રપતિ દ્વારા નિમણૂક | 12 |
| 5 | ચૂંટણી દ્વારા મહત્તમ નિમણૂક | 238 |
| 6 | હાલમાં ચૂંટણી દ્વારા નિમણૂક | 233 |

## રાજ્યસભાની બેઠકોની વહેંચણી

ભારતમાં કયા રાજ્યમાંથી રાજ્યસભાની કેટલી બેઠકો હશે એ નક્કી કરવા માટે **'સમાન પ્રતિનિધિત્વના સિદ્ધાંત'**ને નહિ, પરંતુ **વસતીને આધાર** બનાવવામાં આવ્યો છે.

- એટલે કે ભારતમાં જે તે રાજ્યની વસતીને આધારે રાજ્યસભાના સભ્યોની સંખ્યા નક્કી કરવામાં આવી છે.
- ભારતમાં હાલ રાજ્યસભામાં સભ્યોની સંખ્યા **1971**ની વસતી ગણતરી આધારિત છે. જેમાં વર્ષ **2026** સુધી કોઈ ફેરફાર થશે નહિ.
- વસતીને આધારે રાજ્યસભામાં સભ્યોની સંખ્યા નીચેની રીતે નક્કી કરવામાં આવી છે :
  (1) દરેક રાજ્યની **પ્રથમ 50 લાખ**ની વસતી સુધી **દર 10 લાખ** વ્યક્તિએ **1 સભ્ય**
  (2) અને પ્રથમ 50 લાખ બાદ **દર 20 લાખ** વ્યક્તિએ **1 સભ્ય**
- ભારતીય બંધારણની **ચોથી અનુસૂચિ**માં ભારતના રાજ્યો તથા કેન્દ્ર શાસિત પ્રદેશોને ફાળવવામાં આવેલી **રાજ્યસભાની બેઠકોની યાદી** આપવામાં આવી છે.
- આ યાદી અનુસાર ભારતમાં રાજ્યસભામાં સૌથી વધુ સંખ્યા **ઉત્તરપ્રદેશ**માં **31** છે.
- જ્યારે **ગુજરાત** ઉપરાંત **મધ્યપ્રદેશ** અને **આંધ્રપ્રદેશ**માં રાજ્યસભાના સભ્યોની સંખ્યા **11-11** છે.
- ભારતમાં રાજ્યસભાના સૌથી વધુ સભ્યો ધરાવતા પ્રથમ ત્રણ રાજ્યો આ પ્રમાણે છે :
  (1) **ઉત્તરપ્રદેશ** (31), (2) **મહારાષ્ટ્ર** (19), (3) **તમિલનાડુ** (18).
- ભારતના વિવિધ રાજ્યોમાંથી રાજ્યસભાના સભ્યોની **સૌથી ઓછી** સંખ્યા પૂર્વોત્તરના **'સેવન સિસ્ટર્સ'** તરીકે ઓળખાતા સાત રાજ્યો – અરૂણાચલપ્રદેશ, સિક્કિમ, ત્રિપુરા, મેઘાલય, મણિપુર, મિઝોરમ અને નાગાલેન્ડ ઉપરાંત **ગોવા**માં **1-1** છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રાજ્યસભાના સભ્ય બનવા માટેની યોગ્યતા

ભારતમાં રાજ્યસભાના સભ્ય બનવા માટે કેટલીક શરતોનું પાલન થવું જરૂરી છે. જેમ કે,

(1) તેઓ ભારતના નાગરિક હોવા જોઈએ.

(2) તેમની ઉંમર ઓછામાં ઓછી 30 વર્ષ હોવી જોઈએ.

(3) તેઓ કોઈ 'લાભના પદ' (Office of Profit) પર ન હોવા જોઈએ. (જો કોઈ વ્યક્તિ રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશમાં મંત્રી પદે હોય તો તેને 'લાભનું પદ' માનવામાં આવતું નથી.)

(4) તેઓ દેવાળિયા કે વિકૃત મગજના ન હોવા જોઈએ.

(5) આ ઉપરાંત વખતો વખત સંસદ દ્વારા જો કોઈ યોગ્યતા નક્કી કરવામાં આવી હોય તો તે તેઓ ધરાવતા હોવા જોઈએ.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## રાજ્યસભાના સભ્યોનો કાર્યકાળ

ભારતીય બંધારણના અનુચ્છેદ 83 અનુસાર ભારતમાં રાજ્યસભા એ કાયમી ગૃહ છે. આથી તેનું વિસર્જન થતું નથી.

- આમ છતાં, ભારતમાં રાજ્યસભાના સભ્યોનો કાર્યકાળ 6 વર્ષનો હોય છે.
- ભારતમાં રાજ્યસભા કાયમી ગૃહ છે, પરંતુ તેના સભ્યો કાયમી હોતા નથી.
- ભારતમાં દર 2 વર્ષે રાજ્યસભાના 1/3 સભ્યો નિવૃત્ત થાય છે અને એટલા જ સભ્યો નવા ચૂંટાય છે.

## રાજ્યસભાના સભ્યોની ચૂંટણી

ભારતમાં રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ તથા રાજ્યસભા અને વિધાન પરિષદના સભ્યોની ચૂંટણી 'સપ્રમાણ પ્રતિનિધિત્વ (Proportional Representation)'ના સિદ્ધાંત અનુસાર થાય છે.

- આ અંતર્ગત રાજ્યની વિધાનસભાના ચૂંટાયેલા સભ્યો 'સપ્રમાણ પ્રતિનિધિત્વની પદ્ધતિ' અનુસાર 'એકલ સંક્રમણીય મત' (Single Transferable Vote)ના આધારે રાજ્યસભાના સભ્યોની પસંદગી કરે છે.

## Open ballot System

ભારતમાં અગાઉ રાજ્યસભાના સભ્યોની ચૂંટણી માટે **ગુપ્ત મતદાન (Secret Ballot)** થતું હતું.

- પરંતુ વર્ષ **2003**માં **'લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, 1951'**માં **સુધારો કરીને** **સંસદે** રાજ્યસભાના સભ્યોની ચૂંટણી માટે **ગુપ્ત મતદાન**ની જગ્યાએ **ખુલ્લા મતદાનની વ્યવસ્થા (Open Ballot System)** સ્વીકારી છે.
- આથી, હાલ ભારતમાં રાજ્યસભાની ચૂંટણીમાં **ગુપ્ત મતદાન** નહિ, પરંતુ **ખુલ્લું મતદાન** થાય છે.

## શું ભારતનો નાગરિક કોઈપણ રાજ્યમાંથી રાજ્યસભાની ચૂંટણી લડી શકે છે ?

ભારતમાં અગાઉ **'લોક પ્રતિનિધિત્વ અધિનિયમ 1951'** અંતર્ગત એવી જોગવાઈ કરવામાં આવી હતી કે, રાજ્યસભાનો ઉમેદવાર જે રાજ્યમાંથી ચૂંટણી લડતો હોય તે રાજ્યનો નિવાસી હોવો જોઈએ, અને એ રાજ્યની મતદાર યાદીમાં તેનું નામ નોંધાયેલું હોવું જોઈએ.

- પરંતુ વર્ષ **2003**માં **'લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, 1951'**માં **સુધારો કરીને સંસદે** સ્થાનિક નિવાસ સંબંધી આ શરત હટાવી દીધી છે.
- આથી, ભારતમાં હવે **એક રાજ્યનો વ્યક્તિ બીજા રાજ્યમાંથી રાજ્યસભાની ચૂંટણી લડી શકે છે.**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ICE FACTS :

(1) ભારતમાં રાજ્યસભાના સભ્યની ચૂંટણી લડવા માટે ઓછામાં ઓછા **10 વિધાનસભ્યો** દ્વારા તેમના નામનો પ્રસ્તાવ રજૂ થયેલો હોવો જરૂરી છે.

(2) રાજ્યસભાના સભ્ય હોદ્દાના શપથ **રાજ્યસભાના અધ્યક્ષ** પાસેથી લે છે. પરંતુ ઉપરાષ્ટ્રપતિ પાસેથી નહિ.

# કેન્દ્રીય માર્ગ, પરિવહન અને હાઈવેપ્રધાન શ્રી નીતિન ગડકરીએ 'ગો ઈલેક્ટ્રિક' અભિયાન શરૂ કર્યું

19 ફેબ્રુઆરી, 2021ના રોજ **કેન્દ્રીય માર્ગ, પરિવહન અને હાઈવે પ્રધાન શ્રી નીતિન ગડકરીએ 'ગો ઈલેક્ટ્રિક' અભિયાન** શરૂ કર્યું હતું.

- **ઊર્જા સુરક્ષા સુનિશ્ચિત** કરવા માટે કેન્દ્ર સરકારે **બ્યૂરો ઓફ એનર્જી એફિશિયન્સી (BEE)**નું 'ગો ઈલેક્ટ્રિક' અભિયાન શરૂ કર્યું છે.
- આ અભિયાનનો ઉદ્દેશ **ઈલેક્ટ્રિક વાહનો** અને **ખોરાક પકવવા** માટે ઈલેક્ટ્રિક ઉપકરણોને અપનાવવા વિશે જાગૃતિ ફેલાવવાનો છે.
- તેમજ ઈલેક્ટ્રિક વાહન ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના લાભોના સંદર્ભમાં જાગરૂકતા ફેલાવવા માટે પણ આ અભિયાન લાભદાયી નીવડશે.
- 'ગો ઈલેક્ટ્રિક' અભિયાનએ ભારતનું ભવિષ્ય છે. તે દેશમાં પર્યાવરણીય અનુકૂળ, **ખર્ચ અસરકારક** અને **સ્વદેશી ઈલેક્ટ્રિક ઉત્પાદનો**ને પ્રોત્સાહન આપવામાં પણ મદદ કરશે.

## 'ગો ઈલેક્ટ્રિક' અભિયાન વિશે

કેન્દ્રીય ઊર્જા મંત્રાલયના નેતૃત્વ હેઠળ **બ્યૂરો ઓફ એનર્જી એફિશિયન્સી (BEE)** દેશમાં **જાહેર ચાર્જિંગ**, **ઈ-મોબિલિટી** અને તેના **ઈકોસિસ્ટમ**ને પ્રોત્સાહન આપે છે.

- 'ગો ઈલેક્ટ્રિક' ઝુંબેશ ભારતમાં આગામી વર્ષોમાં તેના અશ્મિભૂત ઈંધણ પર આયાતના અવલંબનને ઘટાડવામાં મદદરૂપ થશે.



## બ્યૂરો ઓફ એનર્જી એફિશિયન્સી (BEE) વિશે

બ્યૂઓ ઓફ એનર્જી એફિશિયન્સી (BEE)ની સ્થાપના <u>ઊર્જા સંરક્ષણ અધિનિયમ, 2001</u>ની જોગવાઈઓ હેઠળ <u>1 માર્ચ, 2002</u>ના રોજ કરવામાં આવી હતી.

- તેનું મુખ્યમથક <u>નવી દિલ્હી</u>ના સેવાભવન ખાતે આવેલું છે.
- <u>કેન્દ્રીય ઊર્જા મંત્રાલય</u> એ બ્યૂરો ઓફ એનર્જી એફિશિયન્સી (BEE)નું <u>પૈતૃક મંત્રાલય</u> (Parent Ministry) છે.
- ભારતમાં ઊર્જા સંરક્ષણ અને ઊર્જા ક્ષમતામાં વધારો થાય તેવા કાર્યક્રમોનું નિર્માણ આ એજન્સી દ્વારા કરવામાં આવે છે.
- કેન્દ્ર સરકારે દરખાસ્ત કરી છે કે વર્ષ 2010 પછી ભારતમાં ઉપયોગમાં લેવામાં આવતા કેટલાક ઉપકરણો પર બ્યૂરો ઓફ એનર્જી એફિશિયન્સીની ઊર્જા કાર્યક્ષમતા રેટિંગ ફરજિયાત રહેશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**ICE FACT :**

(1) ફેબ્રુઆરી, 2021માં <u>દિલ્હી</u>ના મુખ્યમંત્રી શ્રી અરવિંદ કેજરીવાલે <u>ઈલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન</u> આપવા માટે <u>'સ્વીચ દિલ્હી'</u> અભિયાન શરૂ કર્યું હતું.




1. તાજેતરમાં ગુજરાત તરફથી રાજ્યસભામાં કયા બે સભ્યો ચૂંટાઈ આવ્યા ?

1. શ્રી રામભાઈ મોકરિયા
2. શ્રી દિનેશચંદ્ર અનાવાડિયા
3. શ્રી રામભાઈ કટારિયા
4. શ્રી દિનેશચંદ્ર શર્મા

(A) 1, 2 (B) 2, 4 (C) 1, 4 (D) 2, 3 **(A)**

2. તાજેતરમાં 'ગો ઈલેક્ટ્રિક' અભિયાન કોના દ્વારા શરૂ કરવામાં આવ્યું છે ?

(A) શ્રી મનસુખભાઈ માંડવિયા (B) સુશ્રી સ્મૃતિ ઈરાની
(C) શ્રી નીતિન ગડકરી (D) શ્રી નરેન્દ્રસિંહ તોમર **(C)**

3. 'ગો ઈલેક્ટ્રિક' અભિયાન વિશે સાચા વિધાનોની પસંદગી કરો ?

1. બ્યૂરો ઓફ એનર્જી એફિશિયન્સી (BEE) દ્વારા આ અભિયાનનું સંચાલન કરવામાં આવશે.
2. આ અભિયાન અંતર્ગત ઈલેક્ટ્રિક વાહનો અને ખોરાક પકવવા માટે ઈલેક્ટ્રિક ઉપકરણોના ઉપયોગ અંગે જાગૃત્તિ ફેલાવવામાં આવશે.
3. આ અભિયાન દેશમાં પર્યાવરણીય અનુકૂળ, ખર્ચ–અસરકારક અને સ્વદેશી ઈલેક્ટ્રિક ઉત્પાદનોને પ્રોત્સાહન આપવામાં મદદ કરશે.
4. બ્યૂરો ઓફ એનર્જી એફિશિયન્સી (BEE)ની સ્થાપના ઊર્જા સંરક્ષણ અધિનિયમ, 2001ની જોગવાઈઓ હેઠળ 1 માર્ચ, 2002ના રોજ કરવામાં આવી હતી.

(A) 1, 2, 3, 4 (B) 2, 3, 4 (C) 1, 2, 4 (D) 1, 2, 3 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 24 ફેબ્રુઆરી, Central Excise Day (કેન્દ્રીય આબકારી દિવસ)

24 ફેબ્રુઆરીનાં રોજ સમગ્ર ભારતમાં 'સેન્ટ્રલ એકસાઈઝ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- **Central Board of Indirect Taxes and Customs (CBIC)** દ્વારા ભ્રષ્ટાચાર મુક્ત અર્થતંત્ર બનાવવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- **24 ફેબ્રુઆરી, 1944**ના રોજ **સેન્ટ્રલ એકસાઈઝ એન્ડ સોલ્ટ એક્ટ** અમલમાં આવ્યો હતો જેના ઉપલક્ષ્યમાં દર વર્ષે **'સેન્ટ્રલ એકસાઈઝ ડે'** ઉજવવામાં આવે છે.
- ભારતમાં ઘરેલું વપરાશ માટે ઉત્પાદિત અથવા નિર્માણ થયેલી ચીજ–વસ્તુઓ પર વસૂલવામાં આવતા શુલ્કને **'આબકારી જકાત'** કહે છે.
- સેન્ટ્રલ એકસાઈઝએ સામાન પરનો **ઈનડાયરેક્ટ ટેક્સ** છે.

## Central Board of Indirect Taxes and Customs (CBIC) વિશે

CBICએ ભારતમાં **સર્વિસ ટેકસ, GST, સેન્ટ્રલ એકસાઈઝ** અને **નાર્કોટિક્સ**ના સંચાલન માટે જવાબદાર **નોડલ** રાષ્ટ્રીય એજન્સી છે.

- તે **કેન્દ્રીય નાણાંમંત્રાલય** હેઠળના **મહેસૂલ વિભાગ**નો એક ભાગ છે, જેનું મુખ્યમથક **નવી દિલ્હી** ખાતે આવેલું છે.
- CBICનું સૂત્ર **'Tax Collection in Service of the Nation'** છે.
- ભારતના કસ્ટમ કાયદાઓ સંચાલિત કરવા, આયાત ફરજો અને જમીન મહેસૂલ સંગ્રહના વહીવટ માટે તત્કાલિન બ્રિટીશ ગવર્નર દ્વારા વર્ષ 1855માં કસ્ટમ્સ એન્ડ સેન્ટ્રલ એકસાઈઝ ડિપાર્ટમેન્ટની સ્થાપના કરવામાં આવી હતી.
- તે ભારતના સૌથી જૂના સરકારી વિભાગો પૈકીનો એક છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા છઠ્ઠી નીતિ આયોગ ગવર્નિંગ કાઉન્સિલની મીટિંગની અધ્યક્ષતા કરવામાં આવી

20 ફેબ્રુઆરી, 2021ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં <u>નીતિ આયોગ ગવર્નિંગ કાઉન્સિલની છઠ્ઠી મીટિંગ</u>નું આયોજન કરવામાં આવ્યું હતું.

### મુખ્ય બાબતો

નીતિ આયોગ ગવર્નિંગ કાઉન્સિલની આ બેઠક દરમિયાન કૃષિ, ઉત્પાદન, માળખાગત સુવિધાઓ અને માનવ સંસાધન વિકાસ અંગેના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

- <u>લદ્દાખે</u> આ મીટિંગમાં <u>પ્રથમ વખત</u> ભાગ લીધો હતો જ્યારે <u>જમ્મુ કાશ્મીરે</u> પણ <u>કેન્દ્રશાસિત પ્રદેશના રૂપ</u>માં <u>પ્રથમ વખત</u> ભાગ લીધો હતો.

### નીતિ આયોગ વિશે

દેશના વિકાસને ગતિ અને દિશા આપવા માટે કેન્દ્ર સરકાર દ્વારા <u>1 જાન્યુઆરી, 2015</u>ના રોજ <u>નીતિ આયોગ</u>ની સ્થાપના કરવામાં આવી હતી.

- આ સંસ્થા દેશ (કેન્દ્ર) અને રાજ્યો વચ્ચે આર્થિક બાબતો પર પોતાના મંતવ્યો આપે છે, તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે થઈ રહેલા આર્થિક ફેરફારોને લઈને નવી યોજનાના નિર્માણ માટે સહકાર આપે છે.
- નીતિ <u>(NITI)</u> આયોગનું પૂરું નામ <u>'નેશનલ ઈન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મિંગ ઈન્ડિયા'</u> છે.
- <u>15 માર્ચ, 1950</u>ના રોજ સ્થપાયેલા <u>યોજના આયોગ (Planning Commission)</u>ની જગ્યાએ તેની સ્થાપના કરવામાં આવી છે.
- આ અંતર્ગત <u>17 ઓગસ્ટ, 2014</u>ના રોજ યોજના આયોગનું વિસર્જન કરવામાં આવ્યું હતું.
- નીતિ આયોગનું વડું મથક <u>નવી દિલ્હી</u> ખાતે આવેલું છે.
- દેશના વડાપ્રધાન તેના <u>અધ્યક્ષ</u> હોય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## નીતિ આયોગના સભ્યો

વર્તમાન સમયે (24 ફેબ્રુઆરી, 2021ની સ્થિતિએ) નીતિ આયોગના સભ્યોમાં નીચેની વ્યક્તિઓનો સમાવેશ થાય છે.

| | |
|---|---|
| અધ્યક્ષ : | શ્રી નરેન્દ્રભાઈ મોદી |
| ઉપાધ્યક્ષ : | શ્રી રાજીવ કુમાર |
| CEO : | શ્રી અમિતાભ કાંત |
| કાયમી સભ્યો : | શ્રી વી. કે. સારસ્વત, શ્રી રમેશચંદ્ર, ડો. વી. કે. પૌલ |
| હોદ્દાની રૂએ સભ્યો : | શ્રી અમિતભાઈ શાહ, શ્રી રાજનાથ સિંહ, સુશ્રી નિર્મલા સિતારામન, શ્રી નરેન્દ્રસિંહ તોમર |
| વિશેષ આમંત્રિત સભ્યો : | શ્રી નીતિન ગડકરી, શ્રી પિયૂષ ગોયલ, શ્રી થાવરચંદ ગેહલોત, શ્રી રાવ ઈન્દ્રજીત સિંહ |

## ગવર્નિંગ કાઉન્સિલ વિશે

તે નીતિ આયોગની **સર્વોચ્ચ સંસ્થા** છે.

- આ કાઉન્સિલમાં તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ, કેન્દ્રશાસિત પ્રદેશોના લેફટનન્ટ ગવર્નરો અને વરિષ્ઠ અધિકારીઓનો સમાવેશ થાય છે.
- આ કાઉન્સિલની પ્રથમ બેઠકનું આયોજન 8 ફેબ્રુઆરી, 2015ના રોજ થયું હતું.

**ICE FACT :**

(1) નીતિ આયોગ **‘ગેરબંધારણીય’** સંસ્થા છે.

પેટા હિસાબનીશ
સબ ઓડિટર
નવી બેચ
12-03-2021
FRIDAY
08 TO 10
ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS
રજીસ્ટ્રેશન ફરજિયાત
OFFLINE
93757-01110
93280-01110
રાજકોટ

## ભારત અને ઈન્ડોનેશિયાના નૌકાદળ વચ્ચે 'PASSEX' કવાયત હાથ ધરવામાં આવી




18 ફેબ્રુઆરી, 2021ના રોજ ભારતીય અને ઈન્ડોનેશિયન નૌકાદળ વચ્ચે **અરબી સમુદ્રમાં 'PASSEX'** લશ્કરી કવાયત હાથ ધરવામાં આવી હતી.

- આ લશ્કરી કવાયતનું આયોજન બંને દેશોના નૌકાદળો વચ્ચે એકંદર સહયોગ અને ઓપરેશનલ ઈન્ટરઓપરેબિલિટી વધારવા માટે કરવામાં આવ્યું હતું.
- આ કવાયત દરમિયાન ભારતીય નૌકા જહાજ INS તલવાર દ્વારા ભારતનું પ્રતિનિધિત્વ કરવામાં આવ્યું હતું. તેમજ ઈન્ડોનેશિયન નૌકાદળનું પ્રતિનિધિત્વ મલ્ટિરોલ કોર્વેટ્ટ KRI બુંગ તોમો દ્વારા કરવામાં આવ્યું હતું.
- છેલ્લા કેટલાંક વર્ષોમાં ઈન્ડોનેશિયા સાથે ભારતના દરિયાઈ સહયોગમાં વેગ મળ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## કેન્દ્રીય મંત્રી શ્રી પ્રકાશ જાવડેકરે લક્ષદ્વિપમાં 'અટલ પર્યાવરણ ભવન'નો શુભારંભ કરાવ્યો

19 ફેબ્રુઆરી, 2021ના રોજ કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી **શ્રી પ્રકાશ જાવડેકરે** લક્ષદ્વિપમાં આવેલા **કવરત્તી ટાપુમાં** **'અટલ પર્યાવરણ ભવન'**નો પ્રારંભ કર્યો છે.

- અટલ પર્યાવરણ ભવનના શુભારંભની સાથે સાથે કેન્દ્રીય પ્રધાને **'ફ્લોરલ ડાયવર્સિટી ઓફ બાયોજિયોગ્રાફિક ઝોન : કોસ્ટ્સ ઓફ ઈન્ડિયા'** શીર્ષકવાળા પુસ્તકનું અનાવરણ પણ કર્યું હતું.
- આ ભવન પર્યાવરણને અસર કર્યા વગર લક્ષદ્વિપના આર્થિક વિકાસમાં મદદરૂપ થશે. તેના અંતર્ગત વિવિધ પર્યટન પ્રોજેક્ટ્સ દ્વારા રોજગારીમાં પણ વધારો થશે.
- શ્રી પ્રકાશ જાવડેકરે તેની 4 દિવસની યાત્રા દરમિયાન લક્ષદ્વિપના **સુહેલીપાર**, **કદમત** અને **બંગારામ ટાપુઓની** મુલાકાત પણ લીધી હતી.

## સુહેલી પાર વિશે

સુહેલી પાર ટાપુએ લક્ષદ્વિપનો એક **કોરલ એટોલ** છે.

- આ એટોલ **અંડાકાર આકાર**નો અને **17 કિ.મી.** લંબાઈ ધરાવે છે.
- તે સમૃદ્ધ દરિયાઈ પ્રાણીસૃષ્ટિથી ઘેરાયેલ ક્ષેત્ર છે.
- તે કવરત્તીથી દક્ષિણ–પશ્ચિમમાં અને અગત્તીથી દક્ષિણમાં આવેલો ટાપુ છે.

## કદમત ટાપુ વિશે

કદમત ટાપુને **'કાર્ડમમ આઈસલેન્ડ'** તરીકે પણ ઓળખવામાં આવે છે.

- તે એક કોરલ ટાપુ છે. **કોરલ** એટલે પરવાળાનો ટાપુ.
- તે 9.3 કિલોમીટર લંબાઈ ધરાવે છે.
- દરિયાઈ ઘાસ અને કાચબાઓના માળાએ આ ટાપુની દરિયાઈ વિશેષતા છે.

## લક્ષદ્વિપ વિશે

લક્ષદ્વિપ દ્વિપસમુહએ ભારત **દેશનો સૌથી નાનો કેન્દ્રશાસિત પ્રદેશ** છે.

- તેનું પાટનગર **કવરત્તી**માં આવેલું છે.
- અહીંના બધા ટાપુઓ મળીને કુલ 32 ચોરસ કિલોમીટર જેટલો જમીન વિસ્તાર ધરાવે છે.
- તેના માત્ર **11 ટાપુઓ** પર જ **માનવ વસ્તી** છે.
- આ પ્રદેશ **કેરળ હાઈકોર્ટ**ના અધિકાર ક્ષેત્રમાં આવે છે.
- તેના વર્તમાન એડમિનીસ્ટ્રેટર **શ્રી પ્રફુલભાઈ પટેલ** છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. ભારતમાં 'સેન્ટ્રલ એકસાઈઝ ડે'ની ઉજવણી દર વર્ષે કયારે કરવામાં આવે છે ?
(A) 23 ફેબ્રુઆરી (B) 24 ફેબ્રુઆરી (C) 25 ફેબ્રુઆરી (D) 22 ફેબ્રુઆરી (B)

2. નીચેના પૈકી સાચા વિધાનો ચકાસો ?
1. સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેકટ ટેકસીસ એન્ડ કસ્ટમ્સ (CBIC) દ્વારા ભારતમાં 'કેન્દ્રીય આબકારી' દિવસની ઉજવણી કરવામાં આવે છે.
2. 24 ફેબ્રુઆરી, 1944ના રોજ સેન્ટ્રલ એકસાઈઝ એન્ડ સોલ્ટ એકટ અમલમાં આવ્યો હતો.
3. સેન્ટ્રલ એકસાઈઝ એ સામાન પરનો ઈનડાયરેકટ ટેકસ છે.
4. CBICનું મુખ્યમથક નવી દિલ્હી ખાતે આવેલું છે.
(A) 1, 2, 3 (B) 1, 2, 4 (C) 2, 3, 4 (D) 1, 2, 3, 4 (D)

3. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં તાજેતરમાં નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની કેટલામી બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું ?
(A) પાંચમી (B) સાતમી (C) છઠ્ઠી (D) નવમી (C)

4. નીતિ આયોગના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. તેની સ્થાપના 1 જાન્યુઆરી, 2015ના રોજ થઈ હતી.
2. તેનું પૂરુંનામ 'નેશનલ ઈન્સ્ટિટયૂટ ફોર ટ્રાન્સફોર્મિંગ ઈન્ડિયા' છે.
3. તેના ઉપાધ્યક્ષ શ્રી રાજીવ કુમાર છે.
4. તેના CEO શ્રી અમિતાભ કાંત છે.
(A) 1, 2, 3 (B) 2, 3, 4 (C) 1, 3, 4 (D) 1, 2, 3, 4 (D)

5. નીતિ આયોગ કયા પ્રકારની સંસ્થા છે ?
(A) બંધારણીય (B) ગેરબંધારણીય
(C) વૈધાનિક (D) અર્ધન્યાયિક (B)

6. ભારત અને ઈન્ડોનેશિયાના નૌકાદળ વચ્ચે 'PASSEX' કવાયતનું આયોજન તાજેતરમાં કયા કરવામાં આવ્યું હતું ?
(A) અરબી સમુદ્ર (B) બંગાળાની ખાડી
(C) જાવા સમુદ્ર (D) બાલી સમુદ્ર (A)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

7. તાજેતરમાં કેન્દ્રીય પર્યાવરણ મંત્રી શ્રી પ્રકાશ જાવડેકર દ્વારા 'અટલ પર્યાવરણ ભવન' નો શુભારંભ કયા કરવામાં આવ્યો હતો ?


(A) પોર્ટ બ્લેયર (B) લક્ષદ્વિપ

(C) દમણ અને દીવ (D) પંબન ટાપુ **(B)**

8. નીચેના પૈકી કયા ટાપુને 'કાર્ડમમ આઈસલેન્ડ' તરીકે ઓળખવામાં આવે છે ?

(A) સુહેલી પાર (B) બંગારામ ટાપુ

(C) કદમત (D) અગત્તી **(C)**



## વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમને 'નરેન્દ્ર મોદી સ્ટેડિયમ' નામ આપવામાં આવ્યું

24 ફેબ્રુઆરી, 2021ના રોજ ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે અમદાવાદના મોટેરા ખાતે આવેલા વિશ્વના સૌથી મોટા સ્ટેડિયમનું ઉદ્દઘાટન કર્યું હતું.

- અમદાવાદના મોટેરા વિસ્તારમાં નવનિર્મિત અને વિશ્વનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ હવેથી **'નરેન્દ્ર મોદી સ્ટેડિયમ'** તરીકે ઓળખાશે.
- ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે રિમોટથી **'નરેન્દ્ર મોદી સ્ટેડિયમ'**ની તકતીનું ડિજિટલી અનાવરણ કર્યું હતું.
- આ ઉપરાંત રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત, કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ, કેન્દ્રીય ખેલકૂદમંત્રી શ્રી કિરણ રિજિજૂ અને ગુજરાતના નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલની ઉપસ્થિતિમાં આ સ્ટેડિયમની બાજુમાં **233 એકર** જમીનમાં આકાર લેનારા **સરદાર વલ્લભભાઈ પટેલ સ્પોર્ટ્સ એન્કલેવ**નું ભૂમિપૂજન કર્યું હતું.

### નરેન્દ્ર મોદી સ્ટેડિયમની સુવિધાઓ

અમદાવાદનું નરેન્દ્ર મોદી સ્ટેડિયમ **1.32 લાખ દર્શકો**ને સમાવવાની ક્ષમતા ધરાવે છે.

- અગાઉ ઓસ્ટ્રેલિયાનું **મેલબોર્ન ક્રિકેટ સ્ટેડિયમ 90 હજાર** દર્શકોને સમાવવાની ક્ષમતા સાથે વિશ્વનું સૌથી મોટું સ્ટેડિયમ હતું.
- હાલના ક્રિકેટ માટે જરૂરી એવી તમામ આધુનિક સુવિધાઓ અને તકનીકીઓથી આ ક્રિકેટ સ્ટેડિયમ સજ્જ છે.
- એક પછી એક ટી-20 મેચોનું આયોજન કરવા માટે આ સ્ટેડિયમમાં ચાર **ડ્રેસિંગરૂમ**નો સમાવેશ કરવામાં આવ્યો છે.
- આ સ્ટેડિયમ **63 એકર વિસ્તાર**માં બનાવવામાં આવ્યું છે.
- આ સ્ટેડિયમનું નિર્માણ **લાર્સન એન્ડ ટુબ્રો કંપની** દ્વારા કરવામાં આવ્યું છે. તેમજ તેના નિર્માણ માટે આશરે 800 કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે.
- તેમાં **76 કોર્પોરેટ બોક્સ**નો સમાવેશ કરવામાં આવ્યો છે જે દરેકમા **25**ની બેઠક વ્યવસ્થા હોય છે.

- આ ક્રિકેટ સ્ટેડિયમમાં <u>5 કાળી માટી</u>ની અને <u>6 લાલ માટી</u>ની એમ કુલ <u>11 પીચો</u> તૈયાર કરવામાં આવી છે.
- આ સ્ટેડિયમમાં <u>'સ્ટેટ ઓફ ધી આર્ટ સબ સોઈલ ડ્રેનેજ'</u> મારફતે <u>વરસાદ બંધ</u> થયા પછી ફકત <u>30 મિનિટ</u>માં જ વરસાદી <u>પાણીનો નિકાલ</u> થાય છે અને ફરીથી મેચ રમી શકાય છે. આમ, આ સ્ટેડિયમમાં રમાતી મેચને 'વરસાદનું વિઘ્ન' નડશે નહીં.
- આ સ્ટેડિયમમાં એનર્જી એફિશિયન્ટ <u>LED લાઈટ</u>ના ઉપયોગને લીધે <u>45 ટકાથી વધુ વીજ વપરાશ</u> ઘટશે.
- તે સિવાય તેમાં ઈનડોર એકેડેમી, ઓલિમ્પિક સ્તરનો સ્વિમિંગ પૂલ, રમતવીરો માટે ચાર ડ્રેસીંગ રૂમ, ગુજરાત ક્રિકેટ એસોસિએશન કલબ હાઉસ અને ફૂડ કોર્ટનો સમાવેશ પણ કરવામાં આવ્યો છે.

## ICE FACTS

(1) 'નરેન્દ્ર મોદી સ્ટેડિયમ' નામકરણ કર્યા પછી આ સ્ટેડિયમમાં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે પ્રથમ પિંક બોલ ટેસ્ટ મેચનું આયોજન કરવામાં આવ્યું હતું.

(2) મેલબોર્ન ક્રિકેટ સ્ટેડિયમની ડિઝાઈન કરનાર ઓસ્ટ્રેલિયન આર્કિટેકટ ફર્મ <u>'પોપ્યુલસ'</u> દ્વારા આ સ્ટેડિયમનું ડિઝાઈન કાર્ય કરવામાં આવ્યું છે. તેમજ અગાઉના સ્ટેડિયમના <u>આર્કિટેકચર શ્રી શશી પ્રભુ</u> હતા.

(3) વર્ષ 1983માં આ સ્ટેડિયમનું નિર્માણ કરવામાં આવ્યું હતું અને વર્ષ 2006માં પ્રથમ વખત તેનું સમારકામ કરવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



## કેન્દ્રીય આરોગ્ય પ્રધાન ડો. હર્ષવર્ધન દ્વારા ઈન્ટેન્સિફાઈડ મિશન ઈન્દ્રધનુષ (IMI) 3.0 લોન્ચ કરવામાં આવ્યું

દેશભરમાં રસીકરણના વ્યાપને વિસ્તૃત કરવા માટે કેન્દ્રીય આરોગ્ય પ્રધાન ડો. હર્ષવર્ધન દ્વારા ઈન્ટેન્સિફાઈડ મિશન ઈન્દ્રધનુષ (IMI) 3.0ની શરૂઆત કરવામાં આવી છે.

- આ મિશન બે રાઉન્ડમાં હાથ ધરવામાં આવશે.
- આ અંતર્ગત પ્રથમ રાઉન્ડ 22 ફેબ્રુઆરી, 2021થી શરૂ થશે જ્યારે બીજો રાઉન્ડ 22 માર્ચ, 2021થી શરૂ થશે.

### ઈન્ટેન્સિફાઈડ મિશન ઈન્દ્રધનુષ (IMI) 3.0 વિશે

કોવિડ-19 મહામારી દરમિયાન જે બાળકો અને ગર્ભવતી મહિલાઓને રસીકરણ કરી શકાયું નથી તેવા બાળકો અને ગર્ભવતી મહિલાઓને IMI 3.0 અંતર્ગત આવરી લેવામાં આવશે.

- ભારતના તમામ જિલ્લાઓમાં 90% પૂર્ણ રસીકરણ પ્રાપ્ત કરવાનો લક્ષ્યાંક IMI 3.0 અંતર્ગત રાખવામાં આવ્યો છે.
- આ યોજના દેશના રસીકરણ કાર્યક્રમને મજબૂત કરશે.
- યુનિવર્સલ ઈમ્યુનાઈઝેશન પ્રોગ્રામ (UIP) હેઠળ ઉપલબ્ધ તમામ રસીઓને આ મિશનના તબક્કા હેઠળ આવરી લેવામાં આવેલ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### મિશન ઈન્દ્રધનુષ વિશે

મિશન ઈન્દ્રધનુષ ડિસેમ્બર 2014માં લોન્ચ કરવામાં આવ્યું હતું.

- આ યોજના 2 વર્ષથી ઓછી વયના બાળકો અને ગર્ભવતી મહિલાઓના સંપૂર્ણ રસીકરણ માટે શરૂ કરવામાં આવી હતી.
- રસીકરણ કાર્યક્રમને વધુ ઝડપી બનાવવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 8 ઓક્ટોબર, 2017ના રોજ ઈન્ટેન્સિફાઈડ મિશન ઈન્દ્રધનુષ (IMI)નો શુભારંભ કર્યો હતો.
- આ મિશન અંતર્ગત 12 વેક્સિન પ્રિવેન્ટેબલ ડિસીઝ (VPD) સામે રસીકરણ કાર્યક્રમનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- તેમાં શરદી, ડિપ્થેરિયા, પોલિયો, ટીટાનસ, મેનિન્જિટીસ, ટ્યુબરકોલોસિસ, હિપેટાઈટીસ બી, ન્યુમોનિયા, હિમોફિલસ ઈન્ફ્લ્યુએન્ઝા ટાઈપ બી ઈન્ફેક્શન્સ, રોટાવાઈરસ વેક્સિન, જાપાનીઝ એન્સેફાલિટીસ (JE), મિસલેસ રૂબેલા અને ન્યુમોકોકલ કન્જયુગેટ વેક્સિન (PCV)નો સમાવેશ થાય છે.

## THURSDAY Questions

1. વિશ્વનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ ભારતમાં કયા આવેલું છે ?
(A) જયપુર (B) ચેન્નાઈ (C) મુંબઈ (D) અમદાવાદ **(D)**

2. વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિમ 'નરેન્દ્ર મોદી સ્ટેડિયમ'નું ઉદ્ઘાટન તાજેતરમાં કોના હસ્તે કરવામાં આવ્યું છે ?
(A) શ્રી નરેન્દ્રભાઈ મોદી (B) શ્રી રામનાથ કોવિંદ
(C) શ્રી વૈંકેયા નાયડુ (D) શ્રી સચિન તેંડુલકર **(B)**

3. 'નરેન્દ્ર મોદી સ્ટેડિયમ' વિશે સાચું / સાચા વિધાનની ચકાસણી કરો ?
1. આ સ્ટેડિયમ 1.32 લાખ દર્શકોને સમાવવાની ક્ષમતા ધરાવે છે.
2. આ સ્ટેડિયમનું નિર્માણ લાર્સન એન્ડ ટુબ્રો કંપની દ્વારા કરવામાં આવ્યું છે.
3. આ ક્રિકેટ સ્ટેડિયમમાં કુલ 11 ક્રિકેટની પીચો તૈયાર કરવામાં આવી છે.
4. આ સ્ટેડિયમમાં 'સ્ટેટ ઓફ ધી આર્ટ સબ સોઈલ ડ્રેનેજ' મારફતે વરસાદ બંધ થયા પછી ફક્ત 30 મિનિટમાં જ વરસાદી પાણીનો નિકાલ થાય છે અને ફરીથી મેચ રમી શકાય છે.
(A) 1, 2, 3 (B) 2, 3, 4 (C) 1, 2, 3, 4 (D) 1, 2, 4 **(C)**

4. તાજેતરમાં ઈન્ટેન્સિફાઈડ મિશન ઈન્દ્રધનુષ (IMI) 3.0 કોના દ્વારા લોન્ચ કરવામાં આવ્યું હતું ?
(A) ડો. હર્ષવર્ધન (B) શ્રી નરેન્દ્રસિંહ તોમર
(C) શ્રી પ્રકાશ જાવડેકર (D) શ્રી અમિતભાઈ શાહ **(A)**

5. 'મિશન ઈન્દ્રધનુષ' વિશે સાચા વિધાનો જણાવો ?
1. તેની શરૂઆત ડિસેમ્બર 2014માં કરવામાં આવી હતી.
2. આ યોજના 2 વર્ષથી ઓછી વયના બાળકો અને ગર્ભવતી મહિલાઓના સંપૂર્ણ રસીકરણ માટે શરૂ કરવામાં આવી હતી.
3. આ મિશન અંતર્ગત 12 વેક્સિન પ્રિવેન્ટેબલ ડિસીઝ (VPD) સામે રસીકરણ કાર્યક્રમનો સમાવેશ કરવામાં આવ્યો છે.
(A) 1, 2, 3 (B) 2, 3 (C) 1, 3 (D) 1, 2 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ICGS C-453 ઈન્ટરસેપ્ટર બોટને ચેન્નાઈ ખાતે સેવારત કરવામાં આવી

19 ફેબ્રુઆરી, 2021ના રોજ ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ શિપ (ICGS) C-453ને ચેન્નાઈ ખાતે સેવારત કરવામાં આવી હતી.

- આ ઈન્ટરસેપ્ટર બોટનું નિર્માણ લાર્સન એન્ડ ટુબ્રો (L&T) કંપની દ્વારા કરવામાં આવ્યું છે.
- લાર્સન એન્ડ ટુબ્રો (L&T)ને કુલ આવી 18 ઈન્ટરસેપ્ટર બોટનો ઓર્ડર મળ્યો હતો. જે પૈકીની આ 17મી ઈન્ટરસેપ્ટર બોટ હતી.

## ICGS C-453 વિશે

ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ શિપ (ICGS) C-453એ 27.80 મીટર લાંબી ઈન્ટરસેપ્ટર બોટ છે.

- આ બોટ 105 ટનનું વજન વહન કરવાની ક્ષમતા ધરાવે છે.
- તે મહત્તમ 45 નોટ્સ (85 કિ.મી. પ્રતિ કલાક)ની ઝડપ પ્રાપ્ત કરી શકે છે.
- તેનો ઉપયોગ સર્વેલન્સ, નજીકના દરિયાકાંઠે પેટ્રોલિંગ તેમજ શોધ અને બચાવ જેવા વિવિધ કાર્યો માટે કરવામાં આવે છે.
- તે સમુદ્રમાં વિકટ પરિસ્થિતિમાં જહાજોને સહાયતા પણ પ્રદાન કરે છે.
- તેમાં અદ્યતન સંદેશાવ્યવહાર ઉપકરણોનો સમાવેશ પણ કરવામાં આવ્યો હોય છે.
- આ જહાજના આસિસ્ટન્ટ કમાન્ડન્ટ તરીકે શ્રી અનિમેશ શર્મા સેવા આપી રહયા છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઈન્ટરસેપ્ટર બોટના કાર્યો

ઈન્ટરસેપ્ટર બોટને કોસ્ટગાર્ડ ચાર્ટર મુજબ એકસકલુઝિવ ઈકોનોમિક ઝોન અને અન્ય ફરજોની દેખરેખ રાખવા માટે તૈનાત કરવામાં આવે છે.

- તે ભારતના સમુદ્ર હિતોનું રક્ષણ કરવામાં પણ મદદ કરે છે.

## એકસકલુઝિવ ઈકોનોમિક ઝોન (EEZ) વિશે

યુનાઈટેડ નેશન્સ કન્વેન્શન ઓન ધ લો ઓફ ધ સી, 1982 મુજબ EEZ એ દરિયામાં એક એવું ક્ષેત્ર છે જેમાં જે તે દેશ સંશોધન માટે વિશેષ અધિકાર ધરાવે છે.

- તેમાં રહેલા સમુદ્રી સંસાધનોના ઉપયોગ માટે પણ મંજૂરી આપવામાં આવે છે.

- તેમાં દરિયાકાંઠાના બેઝલાઈનથી 200 નોટિકલ માઈલ સુધીના વિસ્તારનો સમાવેશ કરવામાં આવે છે.
- ખંડીય છાજલી (Continental Shelf)નો સમાવેશ પણ EEZ અંતર્ગત થઈ શકે છે.
- જોકે, તેમાં territorial sea (ક્ષેત્રીય સમુદ્ર) અથવા 200 નોટિકલ માઈલથી આગળની ખંડીય છાજલીનો સમાવેશ થતો નથી.

### Territorial Sea (ક્ષેત્રીય સમુદ્ર)

તેમાં સમુદ્રના બેઝલાઈનથી 12 નોટિકલ માઈલ સુધીના દરિયાઈ ક્ષેત્રનો સમાવેશ થાય છે.

- આ ક્ષેત્રમાં રાજ્ય પાણી પર સંપૂર્ણ સાર્વભૌમત્વ ધરાવે છે.
- આ પ્રદેશમાં આવાગમન માટે વિદેશી જહાજોને મંજૂરી આપવામાં આવે છે.

## મધ્યપ્રદેશમાં 47મા 'ખજૂરાહો ડાન્સ ફેસ્ટિવલ'નું આયોજન કરવામાં આવ્યું

21 ફેબ્રુઆરી, 2021નાં રોજ મધ્યપ્રદેશના ખજૂરાહો ખાતે 6 દિવસના 'ખજૂરાહો ડાન્સ ફેસ્ટિવલ' 2021નું આયોજન કરવામાં આવ્યું હતું.

- મધ્યપ્રદેશના સંસ્કૃતિ વિભાગ અંતર્ગત ઉસ્તાદ અલાઉદ્દીન ખાન સંગીત અને કલા એકેડમી ભોપાલ દ્વારા ખજુરાહો ડાન્સ ફેસ્ટિવલ 2021નું આયોજન કરવામા આવ્યું હતું.
- 44 વર્ષ પછી, આ ખજુરાહો ડાન્સ ફેસ્ટિવલનું આયોજન ખજુરાહો મંદિર સંકુલમાં કરવામાં આવ્યું હતું, આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (ASI) દ્વારા મંદિર પરિસરમાં આ ફેસ્ટિવલનું આયોજન કરવા માટે મંજૂરી આપવામાં આવી હતી.
- વારસા અને પર્યટનને પ્રોત્સાહન આપવા માટે લગભગ 46 વર્ષ અગાઉ વર્ષ 1974માં મંદિર પરિસરમાં આ ડાન્સ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ ઈવેન્ટ બાદ ત્યાના સ્મારકોને નુકશાન થાય છે તેવા રિપોર્ટ બાદ ASIએ વર્ષ 1976માં આ ફેસ્ટિવલની મંદિર પરિસરમાં ઉજવણીની મંજૂરી રદ કરી હતી.
- તેથી છેલ્લા 44 વર્ષથી આ ડાન્સ ફેસ્ટિવલનું આયોજન ખજૂરાહોમાં ખુલ્લા બગીચામાં કરવામાં આવતું હતું.

## ખજુરાહો ડાન્સ ફેસ્ટિવલ

ખજુરાહો ડાન્સ ફેસ્ટિવલનું આયોજન દર વર્ષે મધ્યપ્રદેશ કલા પરિષદ દ્વારા 20 ફેબ્રુઆરીથી 26 ફેબ્રુઆરી દરમિયાન કરવામાં આવે છે.

- તે ભારતના <u>શાસ્ત્રીય નૃત્યો</u> અંગેનો એક અઠવાડિયા સુધી ચાલતો ફેસ્ટિવલ છે.
- તેનું આયોજન <u>મધ્યપ્રદેશ</u>ના <u>છતરપુર</u> જિલ્લામાં આવેલા <u>ખજુરાહો મંદિર</u>ના પરિસરમાં કરવામાં આવે છે.
- આ ડાન્સ ફેસ્ટિવલમાં ભારતના શાસ્ત્રીય નૃત્યો જેવાં કે <u>ઓડિશી</u>, <u>કથક</u>, <u>મણિપુરી</u>, <u>ભરતનાટ્યમ</u>, <u>કુચીપુડી</u>, <u>સતરિયા</u>, <u>મોહિનીઅટ્ટમ</u> અને <u>કથકલી</u>ની પ્રસ્તુતિ કરવામાં આવે છે.

## ખજુરાહો મંદિર

ખજુરાહો મંદિરએ મધ્યપ્રદેશ રાજ્યના <u>છતરપુર જિલ્લા</u>માં આવેલા છે.

- <u>હિંદુ ધર્મના મંદિરો</u> અને <u>જૈન ધર્મના મંદિરો</u>નો સમાવેશ ખજુરાહો જૂથના સ્મારકોમાં થાય છે.
- <u>વર્ષ 1986</u>માં તેને <u>UNESCOની વર્લ્ડ હેરિટેજ સાઈટ</u> જાહેર કરવામાં આવી હતી.
- તેના મોટાભાગના મંદિરો ઈ.સ. 885થી ઈ.સ. 1050 દરમિયાન <u>ચંદેલા વંશના શાસકો</u>ના સમયગાળા દરમિયાન બાંધવામાં આવ્યા હતા.
- ખજુરાહો મંદિરો સ્થાપત્ય કલાની <u>'નાગર શૈલી'</u> માટે પ્રખ્યાત છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. **ICGS C-453 ઈન્ટરસેપ્ટર બોટને તાજેતરમાં કયા સ્થળ ખાતે સેવારત કરવામાં આવી છે ?**
   (A) વિશાખાપટ્ટનમ (B) મુંબઈ (C) કોલકાત્તા (D) ચેન્નાઈ — **(D)**

2. **ICGS C-453 ઈન્ટરસેપ્ટર બોટનું નિર્માણ તાજેતરમાં કઈ કંપની દ્વારા કરવામાં આવ્યું છે ?**
   (A) લાર્સન એન્ડ ટુબ્રો (B) ગોવા શિપયાર્ડ લિમિટેડ
   (C) ભારત ડાયનામિક્સ લિમિટેડ (D) ગાર્ડન રિચ શિપયાર્ડ — **(A)**

3. **ICGS C-453 વિશે નીચેના પૈકી સાચાં વિધાનોની ચકાસણી કરો ?**
   1. તે 27.80 મીટર લાંબી ઈન્ટરસેપ્ટર બોટ છે.
   2. તે મહત્તમ 45 નોટ્સની ઝડપ પ્રાપ્ત કરી શકે છે.
   3. આ બોટ 105 ટનનું વજન વહન કરવાની ક્ષમતા ધરાવે છે.
   4. આ જહાજના આસિસ્ટન્ટ તરીકે શ્રી અનિમેશ શર્મા સેવા આપી રહ્યા છે.

   (A) 1, 2, 3 (B) 1, 2, 3, 4 (C) 2, 3, 4 (D) 1, 2, 4 — **(B)**

4. **એકસકલુઝિવ ઈકોનોમિક ઝોન (EEZ)માં દરિયાકાંઠાના બેઝલાઈનથી કેટલા માઈલ સુધીના વિસ્તારનો સમાવેશ કરવામાં આવે છે ?**
   (A) 100 નોટિકલ માઈલ (B) 150 નોટિકલ માઈલ
   (C) 200 નોટિકલ માઈલ (D) 50 નોટિકલ માઈલ — **(C)**

5. **તાજેતરમાં મધ્યપ્રદેશમાં કેટલામાં 'ખજુરાહો ડાન્સ ફેસ્ટિવલ'નું આયોજન કરવામાં આવ્યું ?**
   (A) 47 (B) 48 (C) 49 (D) 50 — **(A)**

6. **'ખજુરાહો ડાન્સ ફેસ્ટિવલ' વિશે સાચા વિધાનોની પસંદગી કરો ?**
   1. વર્ષ 2021માં 44 વર્ષ પછી ખજુરાહો ડાન્સ ફેસ્ટિવલનું આયોજન ખજુરાહો મંદિર સંકુલમાં કરવામાં આવ્યું હતું.
   2. આ ડાન્સ ફેસ્ટિવલનું આયોજન દર વર્ષે મધ્યપ્રદેશ કલા પરિષદ દ્વારા કરવામાં આવે છે.
   3. ખજુરાહો મંદિર મધ્યપ્રદેશના છતરપુર જિલ્લામાં આવેલા છે.
   4. ખજુરાહો મંદિર હિંદુ, બૌદ્ધ અને જૈન ધર્મને સમર્પિત છે.

   (A) 1, 2, 3, 4 (B) 2, 3, 4 (C) 1, 2, 3 (D) 1, 2, 4 — **(C)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 27ફેબ્રુઆરી, (World NGO Day)

## ટેરર ફંડિંગ મામલે પાકિસ્તાન જૂન 2021 સુધી FATFનાં ગ્રે લિસ્ટમાં જ રહેશે

તાજેતરમાં પેરિસમાં મળેલી ફાઈનાન્શિયલ એકશન ટાસ્ક ફોર્સ (FATF)ની બેઠકમાં ટેરર ફંડિંગ કેસમાં પાકિસ્તાનને ગ્રે લિસ્ટમાં જ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

- પાકિસ્તાન સરકાર દ્વારા નિશ્ચિત સમયગાળામાં 27માંથી 3 એજન્ડા પૂરા કરવામાં નિષ્ફળ જતા તેને ગ્રે લિસ્ટમાં જ રાખવામાં આવ્યું છે.
- પાકિસ્તાન છેલ્લા 3 વર્ષથી FATFની ગ્રે લિસ્ટમાં છે.
- 'ગ્રે લિસ્ટ'માં મૂકાવાને કારણે વર્લ્ડ બેંક, IMF, એશિયન ડેવલપમેન્ટ બેંક વગેરે જેવી સંસ્થાઓ તરફથી પાકિસ્તાનને મળતી આર્થિક સહાયમાં ઘટાડો થયો છે.

### FATF વિશે

FATFનું પૂરું નામ 'Financial Action Task Force (on Money Laundering)' છે.

- FATFએ એક ઈન્ટરગવર્નમેન્ટલ ઓર્ગેનાઈઝેશન છે.
- 'મની લોન્ડરિંગ' અથવા તો કાળાનાણાંને કાયદેસર થતા રોકવા માટે નીતિઓ બનાવવા વર્ષ 1989માં તેની સ્થાપના કરવામાં આવી હતી.
- વર્ષ 2001થી તેના કાર્યક્ષેત્રમાં વધારો કરવામાં આવ્યો છે અને હવે તે 'ટેરર ફાઈનાન્સિંગ' એટલે કે આતંકવાદને પ્રોત્સાહન આપવા માટે થતી નાણાકીય મદદને અટકાવવા માટે પણ તે નીતિઓ બનાવે છે.
- તેનું વડુંમથક ફ્રાન્સના પેરિસ ખાતે આવેલું છે.
- FATFના સભ્યદેશોમાં ભારત સહિત કુલ 39 દેશોનો સમાવેશ થાય છે.
- સાઉદી અરેબિયા FATFનું 39મું સભ્ય બન્યું છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નિકાસલક્ષી મરીન ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા માટે MPEDA-NCDC વચ્ચે MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા

- **મરીન પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી (MPEDA)** અને **નેશનલ કોઓપરેટિવ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NCDC)** એ તાજેતરમાં **નિકાસલક્ષી મરીન ઉત્પાદનોને પ્રોત્સાહન** આપવા માટે એક MoU પર હસ્તાક્ષર કર્યા છે.
- મત્સ્યઉદ્યોગ ક્ષેત્ર અને તેને સંલગ્ન ક્ષેત્રોમાં નિકાસલક્ષી પ્રવૃત્તિઓને વેગ આપવા માટે બંને સંસ્થાઓ વચ્ચે MoU પર હસ્તાક્ષર થયા છે.
- આ MoU માટે હસ્તાક્ષર MPEDAના ચેરમેન શ્રી કે. એસ. શ્રી નિવાસ અને NCDCના મેનેજિંગ ડિરેક્ટર શ્રી સુંદિપ કુમાર નાયક દ્વારા કરવામાં આવ્યા હતા.
- તેના અંતર્ગત બંને સંસ્થાઓ દ્વારા મત્સ્ય ઉદ્યોગ ક્ષેત્રના ઉત્પાદનોની નિકાસ પ્રવૃત્તિઓ પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે, સહકારી સંસ્થાઓને તકનીકી જાણકારી પ્રદાન કરવા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે તેમજ નિકાસ દ્વારા ખેડૂતોની આવક બમણી કરવામાં પણ મદદ મળશે.

### નેશનલ કો-ઓપરેટિવ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NCDC)

NCDC એ એક **વૈધાનિક સંસ્થા** છે જેની સ્થાપના **સંસદના અધિનિયમ** દ્વારા **વર્ષ 1963**માં કરવામાં આવી હતી.

- તેનું મુખ્યમથક **નવી દિલ્હી** ખાતે આવેલું છે.
- **કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય** એ આ NCDCનું પૈતૃક મંત્રાલય છે.
- કૃષિ પેદાશોના ઉત્પાદન, તેની પ્રક્રિયા, સંગ્રહ, માર્કેટિંગ, નિકાસ અને આયાત સંબંધિત કાર્યક્રમોના આયોજન અને પ્રોત્સાહનના ઉદ્દેશ સાથે NCDCની સ્થાપના કરવામાં આવી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મરીન પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી (MPEDA)

MPEDAની સ્થાપના મરીન પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી (MPEDA) એક્ટ 1972 અંતર્ગત કરવામાં આવી હતી.

- તે એક વૈધાનિક સંસ્થા છે.
- તેનું મુખ્યમથક કેરળના કોચી ખાતે આવેલું છે.
- તે કેન્દ્રીય વાણિજ્ય વિભાગ હેઠળ કાર્ય કરે છે.
- મત્સ્યઉદ્યોગ ક્ષેત્રમાં નિકાસ, ઉત્પાદન, ધોરણો, માર્કેટિંગ, પ્રોસેસિંગ વગેરે બાબતોમાં MPEDAની ભૂમિકા ખૂબ અગત્યની છે.

## ભારત દ્વારા એન્ટિ-ટેન્ક મિસાઈલ 'હેલિના' અને 'ધ્રુવાસ્ત્ર'નું સફળતાપૂર્વક પરીક્ષણ હાથ ધરવામાં આવ્યું

ભારત દ્વારા એડવાન્સ લાઈટ હેલિકોપ્ટર 'ધ્રુવ'ની મદદથી રાજસ્થાનના પોખરણ રેન્જમાં એન્ટિ–ટેન્ક મિસાઈલ 'હેલિના' અને 'ધ્રુવાસ્ત્ર'નું સફળતાપૂર્વક પરીક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું.

### મુખ્ય બાબતો

'હેલિના' અને 'ધ્રુવાસ્ત્ર' નામની બંને એન્ટિ–ટેન્ક મિસાઈલ પ્રણાલીઓને **DRDO** દ્વારા સ્વદેશીરૂપથી ડિઝાઈન અને વિકસિત કરવામાં આવેલી છે.

- 'હેલિના' એ એન્ટિ ટેન્ક મિસાઈલનું આર્મી વર્ઝન છે. જ્યારે 'ધ્રુવાસ્ત્ર'એ એન્ટિ ટેન્ક મિસાઈલનું વાયુ સેનાનું વર્ઝન છે.
- આ બંને મિસાઈલો ત્રીજી પેઢીની એન્ટિ–ટેન્ક ગાઈડેડ મિસાઈલો છે. જેને હેલિકોપ્ટરની મદદથી લોન્ચ કરી શકાય છે.
- આ મિસાઈલ સિસ્ટમ દિવસ અને રાત કોઈપણ હવામાનમાં કાર્ય કરવા માટે સક્ષમ છે.
- હેલિના અને ધ્રુવાસ્ત્ર બંને 'ડાયરેક્ટ હીટ મોડ'ની સાથે–સાથે 'ટોપ એટેક મોડ'માં લક્ષ્યને ટાર્ગેટ કરી શકે છે.
- **ટોપ એટેક મોડ :**
  મિસાઈલને લોન્ચ કર્યા પછી તે અમુક ઊંચાઈએ ગતિ કરે છે અને પછી સીધી લક્ષ્ય પર ઉપરથી હુમલો કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- **ડાયરેક્ટ એટેક મોડ :**
  મિસાઈલ ઓછી ઊંચાઈ પર પ્રવાસ કરે છે અને બાદમાં લક્ષ્યાંક પર સીધો પ્રહાર કરે છે.

## હેલિના વિશે

હેલિનાએ **ત્રીજી પેઢીની એન્ટિ-ટેન્ક ગાઈડેડ મિસાઈલ** છે.

- તેની **મહત્તમ રેન્જ ક્ષમતા 7 કિલોમીટર** સુધીની છે.
- તે **નાગ મિસાઈલનું હવાઈ સંસ્કરણ** છે.
- તે દિવસ અને રાત કોઈપણ હવામાનમાં કાર્ય કરવાની ક્ષમતા ધરાવે છે.
- તે **ડાયરેક્ટ એટેક મોડ**ની સાથે સાથે **ટોપ એટેક મોડ**માં પણ લક્ષ્યાંક પર હુમલો કરી શકે છે.
- તેનું નિર્માણ **હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ** દ્વારા કરવામાં આવ્યું છે.

## નાગ મિસાઈલ વિશે

નાગ એ **ત્રીજી પેઢી**ની **ફાયર એન્ડ ફર્ગેટ એન્ટિ ટેન્ક ગાઈડેડ મિસાઈલ** છે.

- તેનો વિકાસ **DRDO** દ્વારા **ભારતીય આર્મી** અને **ભારતીય વાયુસેના** માટે કરવામાં આવ્યો છે.
- તે દિવસ અને રાત કોઈપણ હવામાનમાં ઉપયોગી થઈ શકે છે.
- તે **લઘુત્તમ રેન્જ 500 મીટર** અને **મહત્તમ રેન્જ 4 કિ.મી.**ની ક્ષમતા ધરાવે છે.
- નાગ મિસાઈલને **જમીન** અને **હવા આધારિત પ્લેટફોર્મ** પરથી લોન્ચ કરી શકાય છે.
- વર્તમાનમાં નાગ મિસાઈલનું ભૂમિ સંસ્કરણ **નાગ મિસાઈલ કેરિયર (NAMICA)** સાથે એકીકરણ માટે ઉપલબ્ધ છે.

## ICE FACTS

(1) ઈન્ટિગ્રેટેડ ગાઈડેડ મિસાઈલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (IGMDP)ની શરૂઆત **વર્ષ 1982**માં **શ્રી એ. પી. જે. અબ્દુલ કલામના નેતૃત્વ**માં કરવામાં આવી હતી.

(2) **IGMDP** અંતર્ગત **5 મિસાઈલો** વિકસાવવામાં આવી છે. જેમાં **પૃથ્વી**, **અગ્નિ**, **ત્રિશૂળ**, **નાગ** અને **આકાશ**નો સમાવેશ થાય છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

# VL-SRSAM મિસાઈલ સિસ્ટમનું ઓડિશાના ચાંદીપુર ખાતે સફળતાપૂર્વક લોન્ચિંગ કરવામાં આવ્યું

22 ફેબ્રુઆરી, 2021ના રોજ **સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (DRDO)** દ્વારા **ઓડિશાના દરિયાકાંઠે** આવેલા **ચાંદીપુર**ના **ઈન્ટિગ્રેટેડ ટેસ્ટ રેન્જ** ખાતે **VL-SRSAM**નું સફળતાપૂર્વક લોન્ચિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

- VL-SRSAM મિસાઈલ સિસ્ટમ **સ્ટેટીક વર્ટિકલ લોન્ચર**ની મદદથી લોન્ચ કરવામાં આવી છે.

## VL-SRSAM સિસ્ટમ વિશે

VL-SRSAMનું પૂરું નામ **'વર્ટિકલ લોન્ચ શોર્ટ રેન્જ સરફેસ ટૂ એર મિસાઈલ'** છે.

- DRDO દ્વારા VL-SRSAMને **સ્વદેશી** રીતે **વિકસિત** અને **ડિઝાઈન** કરવામાં આવી છે.
- આ મિસાઈલ સિસ્ટમ ખાસ કરીને **ભારતીય નૌકાદળ** માટે લોન્ચ કરવામાં આવી છે.
- તે સી–સ્કિમીંગ ટાર્ગેટ્સ જેવાં કે રડાર, ઈન્ફ્રારેડ ડિટેક્શન અને હવાઈ જોખમોને બેઅસર કરવાની ક્ષમતા ધરાવે છે.
- VL-SRSAMની વર્ટિકલ લોન્ચ ક્ષમતાનું પરીક્ષણ કરવા માટે DRDO દ્વારા બે વખત સફળતાપૂર્વક ટ્રાયલ કરવામાં આવ્યું છે.
- આ મિસાઈલની લઘુત્તમ રેન્જ અને મહત્તમ રેન્જનું પણ પરીક્ષણ હાથ ધરવામાં આવ્યું છે.

## મિસાઈલની વિશેષતાઓ

આ મિસાઈલોમાં ટર્મિનલ એક્ટિવ રડાર હોમિંગની સાથે સાથે મધ્ય–માર્ગ ઈનર્શિયલ ગાઈડન્સનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

- આ મિસાઈલ સિસ્ટમ **જૂની બરાક-1 સરફેસ ટૂ એર મિસાઈલ સિસ્ટમ**નું સ્થાન લેશે.
- તેનો ઉપયોગ **ભારતીય નૌકાદળ** અને **ભારતીય વાયુસેના**માં **શોર્ટ-રેન્જ એર ડિફેન્સ સિસ્ટમ** તરીકે કરવામાં આવશે.
- આ મિસાઈલ **$360^0$ અવરોધન ક્ષમતા** પણ ધરાવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# કર્ણાટક દ્વારા ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ 2021નું આયોજન કરવામાં આવશે

કર્ણાટકના મુખ્યપ્રધાન **શ્રી બી. એસ. યેદિયુરપ્પા**એ તાજેતરમાં જાહેરાત કરી હતી કે **કર્ણાટક** દ્વારા **ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ**ના **બીજા સંસ્કરણનું** આયોજન કરવામાં આવશે.

- ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ 2021નું ઉદ્દઘાટન **શ્રી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી**ના હસ્તે કરવામાં આવશે.
- કર્ણાટકની **જૈન યુનિવર્સિટી એસોસિએશન ઓફ ઈન્ડિયન યુનિવર્સિટી**ના સહયોગથી આ ગેમ્સનું આયોજન કરશે.

## ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ (KIUG) વિશે

તે ભારતની રાષ્ટ્રીય સ્તરની મલ્ટિ–સ્પોર્ટ્સ ઈવેન્ટ છે.

- ભારતમાં રમત ગમતને પ્રોત્સાહન આપવા માટે અને તેમાં વધારેને વધારે ખેલાડીઓને જોડવા માટે ભારતમાં શરૂ થયેલા 'ખેલો ઈન્ડિયા' કાર્યક્રમ અંતર્ગત આ 'ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ'નો શુભારંભ કરવામાં આવ્યો છે.
- આ કાર્યક્રમ અંતર્ગત દેશભરની વિવિધ યુનિવર્સિટીઓના રમતવીરો જુદી–જુદી રમતોમાં એકબીજા સાથે સ્પર્ધા કરે છે.
- **એસોસિએશન ઓફ ઈન્ડિયન યુનિવર્સિટીઝ, ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિએશન** અને **નેશનલ સ્પોર્ટ્સ ફેડરેશન**ના સહયોગથી **મિનિસ્ટ્રી ઓફ યુથ અફેર્સ & સ્પોર્ટ્સ** અને **સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (SAI)** દ્વારા ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સનું આયોજન કરવામાં આવે છે.
- 'ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ'ની સફળતા બાદ ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સની શરૂઆત કરવામાં આવી છે.
- તેમાં **18 થી 25 વર્ષની વય જૂથના રમતવીરો** ભાગ લે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE FACTS

(1) ભારતમાં 21-22 ફેબ્રુઆરી, 2020થી 1 માર્ચ, 2020 દરમિયાન <u>ઓડિશાના ભુવનેશ્વર</u> ખાતે પ્રથમ <u>'ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ'</u>નું આયોજન કરવામાં આવ્યું હતું.

(2) પ્રથમ 'ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ'માં <u>કુલ 17</u> રમતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

(3) 'ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ' 2021માં <u>યોગાસન</u> અને <u>મલખંબ</u> નામની રમતનો સમાવેશ કરવામાં આવ્યો છે. મલખંબ એ <u>મધ્યપ્રદેશ રાજ્ય</u>ની રાજ્ય રમત છે.



1. 'World NGO' દિવસની ઉજવણી દર વર્ષે ક્યારે કરવામાં આવે છે.
(A) 26 ફેબ્રુઆરી (B) 27 ફેબ્રુઆરી (C) 25 ફેબ્રુઆરી (D) 24 ફેબ્રુઆરી **(B)**

2. FATF વિશે સાચા વિધાનો જણાવો ?
1. FATFનું પૂરું નામ 'Financial Action task Force (On Money Laundering)' છે.
2. તે 'મની લોન્ડરિંગ' અથવા તો કાળાનાણાંને કાયદેસર થતાં રોકવા માટે નીતિ નિર્માણનું કાર્ય કરે છે.
3. તેનું વડુંમથક ફ્રાન્સના પેરિસ ખાતે આવેલું છે.
4. FATFમાં ભારત સહિત કુલ 39 સભ્યદેશોનો સમાવેશ થાય છે.
(A) 1, 2, 3 (B) 2, 3, 4 (C) 1, 2, 3, 4 (D) 1, 2, 4 **(C)**

3. નીચે આપેલા વિધાનો પર વિચાર કરો અને સાચા વિધાનો જણાવો ?
1. નેશનલ કો–ઓપરેટિવ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NCDC)એ એક વૈધાનિક સંસ્થા છે.
2. કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય એ NCDCનું પૈતૃક મંત્રાલય છે.
3. મરિન પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી (MPEDA)એ ગેર–બંધારણીય સંસ્થા છે.
4. MPEDAનું મુખ્યમથક કેરળના કોચી ખાતે આવેલું છે.
(A) 1, 2, 4 (B) 1, 2, 3, 4 (C) 1, 2, 3 (D) 2, 3, 4 **(A)**

4. નીચે આપેલા વિધાનો પર વિચાર કરો અને સાચા વિધાનો જણાવો ?
1. 'હેલિના' અને 'ધ્રુવાસ્ત્ર' એ બંને એન્ટિ ટેન્ક મિસાઈલો છે.
2. 'હેલિના'એ એન્ટિ ટેન્ક મિસાઈલનું આર્મી વર્ઝન છે જ્યારે 'ધ્રુવાસ્ત્ર'એ એન્ટિ ટેન્ક મિસાઈલનું વાયુસેનાનું વર્ઝન છે.
3. આ બંને મિસાઈલો ત્રીજી પેઢીની એન્ટિ ટેન્ક ગાઈડેડ મિસાઈલો છે.
4. હેલિનાએ નાગ મિસાઈલનું હવાઈ સંસ્કરણ છે.
(A) 1, 2, 3 (B) 2, 3, 4 (C) 1, 2, 4 (D) 1, 2, 3, 4 **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

5. 'વર્ટિકલ લોન્ચ શોર્ટ રેન્જ સરફેસ ટૂ એર મિસાઈલ' (VL-SRSAM)નું સફળતાપૂર્વક લોન્ચિંગ તાજેતરમાં કયા રાજયમાં કરવામાં આવ્યું હતું ?

(A) મહારાષ્ટ્ર (B) પશ્ચિમ બંગાળ
(C) ઓડિશા (D) આંધ્રપ્રદેશ **(C)**

6. તાજેતરમાં સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવેલ VL-SRSAM વિશે સાચા વિધાનો જણાવો ?

1. તેનું સફળતાપૂર્વક લોન્ચિંગ DRDO દ્વારા કરવામાં આવ્યું છે.
2. આ મિસાઈલ સિસ્ટમ ખાસ કરીને ભારતીય નૌકાદળ માટે લોન્ચ કરવામાં આવી છે.
3. સ્ટેટીક વર્ટિકલ લોન્ચરની મદદથી તે લોન્ચ કરવામાં આવી છે.

(A) 1, 2 (B) 2, 3 (C) 1, 2, 3 (D) 1, 3 **(C)**

7. 'ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ 2021'નું આયોજન કયા રાજ્ય દ્વારા કરવામાં આવશે ?

(A) ઓડિશા (B) આંધ્રપ્રદેશ (C) કર્ણાટક (D) હરિયાણા **(C)**

8. નીચે પૈકી સાચા વિધાનો જણાવો ?

1. વર્ષ 2021માં ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સના બીજા સંસ્કરણનું આયોજન કરવામાં આવશે.
2. ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ 2021નું ઉદ્‌ઘાટન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે કરવામાં આવશે.
3. કર્ણાટકની જૈન યુનિવર્સિટી એસોસિએશન ઓફ ઈન્ડિયન યુનિવર્સિટીઝના સહયોગથી ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ 2021નું આયોજન કરશે.
4. 'ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ' 2021માં યોગાસન અને મલખંબ નામની રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

(A) 1, 2, 3 (B) 2, 3, 4 (C) 1, 2, 4 (D) 1, 2, 3, 4 **(D)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગુજરાત

➤ **સગર્ભા સ્ત્રીઓ અને બાળકો માટે ગુજરાતમાં સાર્વત્રિક રસીકરણ માટેના ‘મિશન ઈન્દ્રધનુષ’નો પ્રારંભ**

ગુજરાત રાજ્યમાં કોઈપણ બાળક અને સગર્ભાસ્ત્રી રસીકરણથી વંચિત ન રહી જાય તે માટે ગુજરાત સરકારે શરૂ કરેલા ‘મિશન ઈન્દ્રધનુષ’નો 22 ફેબ્રુઆરી, 2021ના રોજ પ્રારંભ થયો છે. જ્યારે મિશન ઈન્દ્રધનુષના બીજા રાઉન્ડની શરૂઆત 22 માર્ચ, 2021ના રોજ થશે. ‘મિશન ઈન્દ્રધનુષ’ની શરૂઆત તત્કાલિન કેન્દ્રીય આરોગ્ય પ્રધાન શ્રી જે. પી. નડ્ડા દ્વારા 25 ડિસેમ્બર, 2014ના રોજ કરવામાં આવી હતી.

➤ **ગુજરાતના નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે ‘ગુજરાત બજેટ’ મોબાઈલ એપ્લિકેશન લૉન્ચ કરી**

‘ગુજરાત બજેટ’ મોબાઈલ એપ્લિકેશનની મદદથી ગુજરાતના કરદાતાઓ, નાગરિકો પોતાના ટેક્સના રૂપિયા ક્યાં ? કેમ ? અને કેવી રીતે ખર્ચવામાં આવી રહયા છે તેની માહિતી પૂરી પાડતા બજેટના 73 પ્રકાશનો મોબાઈલ એપ્લિકેશનમાં જોઈ શકશે. તેમજ નાણાકીય વર્ષ 2021-22ના ગુજરાતના બજેટનું જીવંત પ્રસારણ પણ આ એપ્લિકેશનમાં જોઈ શકાશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારત

➤ **મધ્યપ્રદેશના હોશંગાબાદનું નવુ નામ ‘નર્મદાપુરમ’ કરવામાં આવશે**

મધ્યપ્રદેશના હોશંગાબાદને નવું નામ ‘નર્મદાપુરમ’ અપાશે તેમ મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણે જાહેરાત કરી છે. હોશંગાબાદમાં યોજાયેલા **નર્મદાજયંતી** કાર્યક્રમ દરમિયન તેઓએ આ જાહેરાત કરી હતી. નર્મદાજયંતીની ઉજવણી દર વર્ષે હિંદુ કેલેન્ડર મુજબ **મહા મહિના**ની **શુક્લ પક્ષ સપ્તમી**ના રોજ કરવામાં આવે છે. હોશંગાબાદ શહેરનું નામ માળવાના પ્રથમ શાસક હોશંગ શાહ પરથી રાખવવામાં આવ્યું હતું.

➤ **વિશ્વના સૌથી પ્રાચીન પ્રાણીના 'જિવાશ્મ' ભીમબેટકાની ગુફાઓમાં જોવા મળ્યા**

ભારતના ભૂસ્તરશાસ્ત્રીય સર્વેક્ષણના નિષ્ણાંતોએ મધ્યપ્રદેશના ભીમબેટકા ખાતે વિશ્વના સૌથી પ્રાચીન પ્રાણીના અવશેષો શોધી કાઢયા છે. તે ભીમબેટકા ખાતે આવેલા ઓડિટોરિયમ ગુફાની છત પર જોવા મળ્યા છે. આ પૃથ્વીના સૌથી પ્રાચીન પ્રાણી 'ડિકિન્સોનિયા'નો પ્રથમ અવશેષ હોઈ શકે છે. ભીમબેટકાએ મધ્યપ્રદેશના રાયસેન જિલ્લામાં આવેલ છે. ભીમબેટકાએ પુરાપાષાણ સમયથી મધ્યપાષાણ સમય સુધીના ચિત્રો માટે પ્રસિદ્ધ છે.

➤ **કેન્દ્રીય કેબિનેટે ટેલિકોમ ક્ષેત્ર માટે PLI યોજનાને મંજૂરી આપી**

કેન્દ્ર સરકારે 17 ફેબ્રુઆરી, 2021ના રોજ ટેલિકોમ ક્ષેત્ર માટે પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ (PLI)ના ધોરણોને મંજૂરી આપી છે. ટેલિકોમ ક્ષેત્ર પર PLI યોજના 1 એપ્રિલ, 2021થી લાગુ થશે. PLIએ એક આઉટપુટલક્ષી યોજના છે જેમાં નિર્માતા/ઉત્પાદક કોઈ સામાનનું ઉત્પાદન કરે છે તો તેને તેના ઉત્પાદન પર પ્રોત્સાહક રાશિ ચૂકવવામાં આવે છે. આ યોજના અંતર્ગત ઉત્પાદકોને પાંચથી સાત વર્ષ માટે રોકડ પ્રોત્સાહન આપવામાં આવે છે.

➤ **કેન્દ્રીય સામાજિક ન્યાય અને સશકિતકરણ મંત્રાલયે ભારતીય સાંકેતિક ભાષાના શબ્દકોશની ત્રીજી આવૃત્તિ જાહેર કરી**

ભારતીય સાંકેતિક ભાષાના શબ્દકોશની ત્રીજી આવૃત્તિમાં 10,000થી વધુ દૈનિક શબ્દોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમાં શૈક્ષણિક, કાનૂની, તબીબી તકનીકી, વહીવટી અને કૃષિ સાથે સંકળાયેલા શબ્દોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **હૈદરાબાદને '2020 ટ્રી સિટી ઓફ ધ વર્લ્ડ' તરીકે માન્યતા આપવામાં આવી**

યુનાઈટેડ નેશન્સ ફૂડ એન્ડ એગ્રિકલ્ચર ઓર્ગેનાઈઝેશન (FAO) અને આર્બર ડે ફાઉન્ડેશન દ્વારા તાજેતરમાં હૈદરાબાદને '2020 ટ્રી સિટી ઓફ ધ વર્લ્ડ' તરીકે માન્યતા આપવામાં આવી છે. હૈદરબાદની શહેરી જંગલોને વિકસિત કરવા અને તેને ટકાવી રાખવા માટેની પ્રતિબદ્ધતા માટે પસંદગી કરવામાં આવી છે. આ દરજ્જો પ્રાપ્ત કરવાવાળું હૈદરાબાદ એકમાત્ર શહેર છે.

➤ **સુશ્રી મનિકા બત્રાએ નેશનલ ટેબલ ટેનિસ ટાઈટલ જીત્યું**

સુશ્રી મનિકા બત્રાએ 82મી સિનિયર નેશનલ ટેબલ ટેનિસ ચેમ્પિયનશીપ જીતી લીધી છે. તેણીએ હરિયાણાના પંચકુલા ખાતે આવેલા તાઉ દેવી લાલ સ્પોર્ટસસી કોમ્પલેક્ષ ખાતે આ ટાઈટલ પોતાને નામ કર્યું હતું. સુશ્રી મનિકા બત્રાએ દિલ્હીના વતની છે. વર્ષ 2020માં તેમને રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ પણ મળ્યો હતો.

➤ **કેન્દ્રીય કેબિનેટે કોરોના રસીકરણ મહાઅભિયાનના બીજા તબક્કામાં 27 કરોડ નાગરિકોને કોરોનાની રસી આપવા મંજૂરી આપી**

કેન્દ્રીય કેબિનેટે કોરોના રસીકરણના કાર્યક્રમ અંતર્ગત 1 માર્ચથી રસીકરણનો બીજો તબક્કો શરૂ કરવાને મંજૂરી આપી છે. હવે પછી 60 વર્ષથી વધુ વયના નાગરિકો અને કેન્સર સહિતની ગંભીર બીમારી ધરાવતા 45 વર્ષથી વધુ ઉંમરના નાગરિકોને કોરોનાની રસી આપવામાં આવશે.

➤ **કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે CRPFના ઈતિહાસ પર પુસ્તકનું વિમોચન કર્યું**

19 ફેબ્રુઆરી, 2021ના રોજ કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે નવી દિલ્હીમાં 'રાષ્ટ્ર પ્રથમ-82 વર્ષો કી સ્વર્ણિમ ગાથા' નામના પુસ્તકનું વિમોચન કર્યું હતું. આ પુસ્તક સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF)ના ઈતિહાસ પર પ્રકાશ પાડે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **ઉત્તરપ્રદેશ પેપરલેસ બજેટ રજૂ કરનાર ભારતનું પ્રથમ રાજ્ય બન્યું**

22 ફેબ્રુઆરી, 2021ના રોજ ઉત્તરપ્રદેશ રાજ્યના નાણામંત્રી શ્રી સુરેશ ખન્નાએ વર્ષ 2021-22 માટે ઉત્તરપ્રદેશનું પ્રથમ પેપરલેસ બજેટ રજૂ કર્યું હતું.

➤ **ઉત્તરપ્રદેશ રાજ્યસરકાર દ્વારા અયોધ્યાના એરપોર્ટનું નામ 'મર્યાદા પુરૂષોત્તમ શ્રીરામ એરપોર્ટ' કરવામાં આવ્યું**

અયોધ્યામાં નિર્માણ પામી રહેલા એરપોર્ટનું નામ ઉત્તરપ્રદેશ રાજ્ય સરકાર દ્વારા **'મર્યાદા પુરૂષોત્તમ શ્રી રામ એરપોર્ટ'** રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. તેમજ ઉત્તરપ્રદેશના રાજ્ય બજેટમાં આ એરપોર્ટ માટે રૂ. 101 કરોડની જોગવાઈ પણ કરવામાં આવી છે.

## વિશ્વ

➤ **ભારતે 'ઈરાન-રશિયા મેરિટાઈમ સિક્યુરિટી બેલ્ટ 2021' ક્વાયતમાં ભાગ લીધો**

ભારતે તાજેતરમાં બે દિવસીય **નૌકાદળ ક્વાયત** 'ઈરાન–રશિયા મેરિટાઈમ સિક્યુરિટી બેલ્ટ 2021'માં ભાગ લીધો હતો. આ કવાયતનું આયોજન **હિંદ મહાસાગર ક્ષેત્રના ઉત્તરીય ભાગમાં** થયું હતું. ભારતીય નૌકાદળના પસંદ કરવામાં આવેલા જહાજો આ કવાયતમાં જોડાયા હતા. આ કવાયત અંતર્ગત 17,000 ચોરસ કિલોમીટર ક્ષેત્રને આવરી લેવામાં આવ્યું હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **અમેરિકા સત્તાવાર રીતે પેરિસ કલાઈમેટ સમજૂતીમાં ફરીથી જોડાયો**

પેરિસ કલાઈમેટ સમજૂતીમાં ફરીથી જોડાયા બાદ અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી જો બિડેને જાહેરાત કરી છે કે 22 એપ્રિલ 2021 (પૃથ્વી દિવસ)ના રોજ અમેરિકા જળવાયુ શિખર સંમેલનની મેજબાની કરશે. **વર્ષ 2017**માં પેરિસ કરારમાંથી **દૂર થનાર અમેરિકા વિશ્વનો પ્રથમ દેશ** બન્યો હતો. પેરિસ જળવાયુ સમજૂતીને **12 ડિસેમ્બર, 2015**ના રોજ પેરિસમાં થયેલ COP-21માં અપનાવવામાં આવી હતી.

## ICE ? Questions

- સગર્ભા સ્ત્રીઓ અને બાળકો માટે ગુજરાતમાં સાર્વત્રિક રસીકરણ માટે તાજેતરમાં કયા મિશનનો પ્રારંભ કરવામાં આવ્યો છે ? – મિશન ઈન્દ્રધનુષ
- 'ગુજરાત બજેટ' મોબાઈલ એપ્લિકેશન તાજેતરમાં કોના દ્વારા લોન્ચ કરવામાં આવી ? – નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ
- મધ્યપ્રદેશના કયા જિલ્લાનું નામ 'નર્મદાપુરમ' કરવામાં આવશે ? – હોશંગાબાદ
- નર્મદાજયંતીની ઉજવણી દર વર્ષે ક્યારે કરવામાં આવે છે ? – મહામહિનાની શુકલપક્ષ સપ્તમી
- વિશ્વના સૌથી પ્રાચીન પ્રાણીના જિવાશ્મ ભારતમાં કયાંથી મળી આવ્યા છે ? – ભીમબેટકાની ગુફામાંથી
- ટેલિકોમ ક્ષેત્ર પર PLI યોજના કયારથી લાગુ કરવામાં આવશે ? – 1 એપ્રિલ, 2021
- કેન્દ્રીય સામાજિક ન્યાય અને સશકિતકરણ મંત્રાલયે ભારતીય સાંકેતિક ભાષાના શબ્દકોષની તાજેતરમાં કેટલામી આવૃત્તિ જાહેર કરી છે ? – ત્રીજી આવૃત્તિ
- તાજેતરમાં ભારતના કયા શહેરને '2020 ટ્રી સિટી ઓફ ધ વર્લ્ડ' તરીકે માન્યતા આપવામાં આવી છે ? – હૈદરાબાદ
- 82મી સિનિયર નેશનલ ટેબલ ટેનિસ ચેમ્પિયનશીપમાં તાજેતરમાં કોણ વિજેતા થયા છે ? – સુશ્રી મનિકા બત્રા
- ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે CRPFના ઈતિહાસ અંગેના કયા પુસ્તકનું તાજેતરમાં નવી દિલ્હી ખાતે વિમોચન કર્યું હતું ? – 'રાષ્ટ્ર પ્રથમ-82 વર્ષો કી સ્વર્ણિમ ગાથા'
- પેપરલેસ બજેટ રજૂ કરનાર ભારતનું પ્રથમ રાજ્ય કયું છે ? – ઉત્તરપ્રદેશ
- ઉત્તરપ્રદેશ રાજ્ય સરકારે અયોધ્યાના એરપોર્ટનું નામ કયું રાખ્યું છે ? – મર્યાદા પુરૂષોત્તમ શ્રીરામ એરપોર્ટ
- 'ઈરાન–રશિયા મેરિટાઈમ સિકયુરિટી બેલ્ટ 2021' કવાયતનું આયોજન તાજેતરમાં કયા કરવામાં આવ્યું હતું ? – હિંદ મહાસાગર ક્ષેત્રના ઉત્તરીય ભાગમાં
- તાજેતરમાં કયો દેશ પેરિસ કલાઈમેટ સમજૂતીમાં ફરીથી જોડાયો છે ? – અમેરિકા
- ગીધને અસર કરતી પેઈનકિલર 'કીટોપ્રોફેન' પર પ્રતિબંધ મૂકનાર વિશ્વનો પ્રથમ દેશ કયો છે ? – બાંગ્લાદેશ

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. કાલા ઘોડા કલા મહોત્સવ 2021નું આયોજન તાજેતરમાં કયા કરવામાં આવ્યું હતું ?

– મુંબઈ

(મુંબઈના કાલા ઘોડા વિસ્તારમાં આ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. વર્ષ 1999માં આ મહોત્સવની શરૂઆત કરવામાં આવી હતી. વર્ષ 2021માં આ મહોત્સવની 22મી આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું.)

2. 'ઈન્ડિયા એનર્જી આઉટલુક 2021'ની જાહેરાત તાજેતરમાં કઈ સંસ્થા દ્વારા કરવામાં આવી હતી ?

– ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી (IEA)

3. તાજેતરના બ્લૂમબર્ગ ઈનોવેશન ઈન્ડેક્સમાં કયો દેશ પ્રથમ ક્રમાંકે રહયો છે ?

– દક્ષિણ કોરિયા

(આ ઈન્ડેકસમાં ભારત 50મા ક્રમાંકે રહ્યું છે.)

4. 'ઉત્પાદકતા દિવસ'ની ઉજવણી દર વર્ષે ક્યારે કરવામાં આવે છે ? – 12 ફેબ્રુઆરી

('રાષ્ટ્રીય ઉત્પાદકતા સપ્તાહ'ની ઉજવણી દર વર્ષે 12 ફેબ્રુઆરીથી 18 ફેબ્રુઆરી દરમિયાન કરવામાં આવે છે. કેન્દ્રીય વાણિજ્ય મંત્રાલય અંતર્ગત નેશનલ પ્રોડકિટવિટી કાઉન્સિલ (NPC) દ્વારા આ સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. વર્ષ 2021માં આ સપ્તાહની ઉજવણી 'ઉત્પાદકતા માટે ઉદ્યોગમંથન'ની થીમ અંતર્ગત કરવામાં આવી છે.)

5. રાષ્ટ્રીય કોલસા સૂચકાંક માટે આધાર વર્ષ કયું નિર્ધારિત કરવામાં આવ્યુ છે ?

– વર્ષ 2017-18

6. 'By many a happy accident : Recollections of a life' પુસ્તકએ કોની આત્મકથા છે ? – ભારતના પૂર્વ ઉપરાષ્ટ્રપતિ શ્રી મહોમ્મદ હામિદ અંસારી

7. 'રાષ્ટ્રીય મહિલા દિવસ'ની ઉજવણી દર વર્ષે ભારતમાં ક્યારે કરવામાં આવે છે ?

– 13 ફેબ્રુઆરી

(સુશ્રી સરોજિની નાયડુની જન્મજયંતી સમગ્ર ભારતમાં દર વર્ષે 'રાષ્ટ્રીય મહિલા દિવસ'

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

તરીકે ઉજવવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ'ની ઉજવણી દર વર્ષે 8 માર્ચના રોજ કરવામાં આવે છે. સુશ્રી સરોજિની નાયડુનો જન્મ હૈદરાબાદમાં થયો હતો. તેણી 'નાઈટિંગલ ઓફ ઈન્ડિયા' તરીકે જાણીતા છે. તેઓ ભારતના પ્રથમ મહિલા રાજ્યપાલ છે.)

8. 'અનફિનિશ્ડ' નામનું પુસ્તક કોના દ્વારા લખવામાં આવ્યું છે ? – સુશ્રી પ્રિયંકા ચોપરા

9. ટેસ્ટ ક્રિકેટમાં 200 ડાબોડી બેટસમેનની વિકેટ લેનાર વિશ્વનો પ્રથમ બોલર કોણ છે ?

– શ્રી રવિચંદ્રન અશ્વિન

10. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ તાજેતરમાં કયા જૂથને DHFLના ટેકઓવર માટે મંજૂરી આપી છે ?

– પિરામલ ગ્રૂપ

(DHFLનું પૂરુંનામ 'દિવાન હાઉસિંગ ફાયનાન્સ કોર્પોરેશન લિમિટેડ' છે. તેમજ તેનું મુખ્યમથક મુંબઈ ખાતે આવેલું છે.)

11. તાજેતરમાં SAARCના સભ્ય દેશોના હેલ્થ સેક્રેટરી લેવલની મીટિંગનું આયોજન કયા દેશ દ્વારા કરવામાં આવ્યું હતું ? – ભારત

(SAARCનું પૂરું નામ 'South Asian Association for Regional Cooperation' છે. તેની સ્થાપના 8 ડિસેમ્બર, 1985ના રોજ થઈ હતી. તેમજ તેનું મુખ્યમથક નેપાળના કાઠમંડુ ખાતે આવેલું છે. SAARCમાં અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, ભુતાન, ભારત, માલદિવ્સ, નેપાળ, પાકિસ્તાન અને શ્રીલંકા જેવા આઠ દેશોનો સમાવેશ થાય છે.)

12. 'ટાઈગર X-1' નામની વોકિંગ કાર કન્સેપ્ટ રોબોટ કઈ કંપની દ્વારા ડિઝાઈન કરવામાં આવેલ છે ? – હ્યુન્ડાઈ મોટર ગ્રૂપ

(ટાઈગર X-1 એ એક પ્રકારનું અલ્ટિમેટ મોબિલિટી વિહીકલ (UMV) છે. મુશ્કેલ રસ્તામાં ચાલી પણ શકે છે જેનો ઉપયોગ બીજા ગ્રહોની યાત્રા દરમિયાન થઈ શકે છે. તે મુસાફરોની માટે ઉપયોગી નથી પરંતુ તેમાં આસપાસના પ્રદેશોના અવલોકન માટે સેન્સર જોડાયેલા હોય છે.)

13. રાજ્યસભામાં વિપક્ષ નેતા તરીકે તાજતેરમા શ્રી એમ. વેંકૈયા નાયડુએ કોની નિમણૂક કરી છે ?

– શ્રી મલ્લિકાર્જૂન ખડગે

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**14.** **ગુજરાતનાં વર્તમાન મુખ્ય સચિવ શ્રી અનિલ મુકિમને વધારે કેટલા સમય માટે એક્સ્ટેન્શન આપવામાં આવ્યું છે ? – 6 મહિના માટે**

**15.** **તાજેતરમાં ઈન્ડિયા–ઓસ્ટ્રેલિયા સર્ક્યુલર ઈકોનોમિ હેકાથોન (I-ACE)નું આયોજન કોના દ્વારા કરવામાં આવ્યું હતું ? – નીતિ આયોગના અટલ ઈનોવેશન મિશન (AIM) દ્વારા**

**(I-ACEની શરૂઆત ઓસ્ટ્રેલિયાના કોમનવેલ્થ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (CSIRO)ના સહયોગથી કરવામાં આવી હતી. I-ACEએ બંને દેશોના વિદ્યાર્થીઓ, MSMEs અને સ્ટાર્ટઅપ્સ દ્વારા પ્રદાન કરવામાં આવતા નવીન તકનીક ઉકેલોની ઓળખ અને વિકાસ પર ધ્યાન કેન્દ્રીત કરે છે. આ હેકાથોન લાંબા ગાળાના આરોગ્ય અને સ્થિતિ સ્થાપકતામાં વધારો કરવાના ઉદ્દેશથી લોન્ચ કરવામાં આવી હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ I-ACEને સંબોધન કર્યું હતું.)**

**16.** **ઈઝરાયેલ કયા દેશ સાથે મળીને ન્યૂ બેલેસ્ટિક મિસાઈલ શિલ્ડ ‘એરો-4’ વિકસાવશે ? – અમેરિકા**

**17.** **FASTag એ કોના દ્વારા સંચાલિત થાય છે ? – નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI)**

**(ફાસ્ટેગએ એક ઈલેક્ટ્રોનિક ટોલ કલેકશન સિસ્ટમ છે. ટોલ ચૂકવણી કરવા માટે તે રેડિયો ફ્રિકવન્સી આઈડેન્ટિફિકેશન (RFID) ટેક્નોલોજી પર કામ કરે છે.)**

**18.** **SWAMIH ફંડ અંતર્ગત 'SWAMIH' પૂરું નામ જણાવો ?**

**– SWAMIH : - Special windows for completion of construction of Affordable and Mid-Income Housing Projects**

**(SWAMIH ફંડની જાહેરાત નવેમ્બર, 2019માં કરવામાં આવી હતી. અટકેલા આવાસોના પ્રોજેક્ટ્સને પૂર્ણ કરવા માટે આ ભંડોળ બનાવવામાં આવ્યું હતું.)**

**19.** **ત્રીજા ઈન્ડિયા ટૂરિઝમ માર્ટનું આયોજન તાજતેરમાં કઈ સંસ્થા દ્વારા કરવામાં આવ્યું હતું ? – ફેડરેશન ઓફ એસોસિએશન્સ ઈન ઈન્ડિયા ટૂરિઝમ એન્ડ હોસ્પિટાલિટી (FAITH)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

20. ડિજિલોકરમાં તાજેતરમાં કઈ મહત્વની સેવાનું જોડાણ કરવામાં આવ્યું ? – પાસપોર્ટ સેવાઓ

21. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશને (IOC) તાજેતરમાં નોર્વેની કઈ કંપની સાથે 'સેન્ટર ઓફ એક્સલન્સ ઓન હાઈડ્રોજન'ની સ્થાપના માટે કરારો પર હસ્તાક્ષર કર્યા છે ?

–નોર્વેની ગ્રીનસ્ટેટ કંપની સાથે

(કેન્દ્રીય બજેટ 2020-21માં નાણાપ્રધાનશ્રીએ 'નેશનલ હાઈડ્રોજન મિશન'ની સ્થાપના અંગેની જાહેરાત કરી હતી.)

22. ભારત–યુરોપિયન યુનિયન મેક્રો ઈકોનોમિક ડાયલોગની કેટલામી આવૃત્તિનું આયોજન તાજેતરમાં વર્ચ્યુઅલ મોડમાં કરવામાં આવ્યું હતું ? – 11મી

23. તાજેતરમાં કયા રાજ્ય દ્વારા સ્માર્ટ આંગણવાડીની રચના માટે મંજૂરી આપવામાં આવી છે ?

– કેરળ

24. ભારતે તાજેતરમાં કયા દેશ સાથે વિઝા સુવિધા અને ચામડાની ટેકનીકો અંગે બે કરારો પર હસ્તાક્ષર કર્યા છે ? – ઈથિયોપિયા

25. હિમાલયન પિંક સોલ્ટના જિયોગ્રાફિકલ ઈન્ડિકેશન (GI) ટેગ માટેની નોંધણી કયા દેશ દ્વારા કરાવવામાં આવશે ? – પાકિસ્તાન

26. ગોવા શિપયાર્ડ દ્વારા ભારતીય નૌકાદળનું ડેમેજ કંટ્રોલ સિમ્યુલેટર કયા સ્થાપવામાં આવશે ?

– પોર્ટ બ્લેરમા

27. ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ની કિંગ્સ ઈલેવન પંજાબ ટીમનું નામ બદલીને તાજેતરમાં શું રાખવામાં આવ્યું ? – પંજાબ કિંગ્સ

28. ટેસ્ટ ક્રિકેટમાં 400 વિકેટ લેનાર ચોથા ભારતીય ક્રિકેટરનું નામ જણાવો ?

– શ્રી રવિચંદ્રન અશ્વિન

29. Other Backward Classes (OBCs)ના પેટા–વર્ગીકરણ વિશે અભ્યાસ કરવા અને અહેવાલ આપવા માટે કયા કમિશનની નિમણૂક કરવામાં આવી હતી ?

– જસ્ટિસ રોહિણી કમિશન

INSTITUTE FOR COMPETITIVE EXAMS

(2 ઓક્ટોબર, 2017ના રોજ જસ્ટિસ રોહિણી કમિશનની રચના કરવામાં આવી હતી. આ કમિશન જુલાઈ 2021 સુધીમાં તેનો અહેવાલ રજૂ કરશે.)

30. ભારતનું કયું રાજ્ય સિંગાપોરને કાલા નમક ચોખાની નિકાસ કરશે ? – ઉત્તરપ્રદેશ

(કાલા નમક ચોખાને 'બુદ્ધ ચોખા' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ ચોખાને 'બુદ્ધ કા મહાપ્રસાદ' તરીકે પણ ઓળખવામાં આવે છે.)

31. ગુજરાતના કયા ક્રિકેટરે તાજેતરમાં ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે ?

– શ્રી યુસુફ પઠાણ

(શ્રી યુસુફ પઠાણ ગુજરાતના વડોદરાના વતની છે.)

32. દ્વિતીય ખેલો ઈન્ડિયા વિન્ટર ગેમ્સનું જમ્મુ–કાશ્મીરના ગુલમર્ગ ખાતે ઉદ્દઘાટન કોના હસ્તે વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી કરવામાં આવ્યું ? – વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી

33. કયા રાજ્ય દ્વારા ફલાવર પ્રોસેસિંગ સેન્ટરની સ્થાપના કરવામાં આવશે ? – કર્ણાટક

(કર્ણાટક રાજ્યનો બાગાયત વિભાગ ઈન્ટરનેશનલ ફલાવર ઓકશન બેંગાલુરુ (IFAB)ના સહયોગથી ફલાવર પ્રોસેસિંગ સેન્ટરની સ્થાપના કરશે. વેચાણ ન થયેલા ફૂલોને ઉપયોગી ઉત્પાદનમાં રૂપાંતરિત કરવા માટે આ સેન્ટરની સ્થાપના કરવામાં આવશે.)

34. વર્ષ 2020માં ભારતનો ટોચનો ટ્રેડ પાર્ટનર કયો દેશ રહયો છે ? – ચીન

35. ભારતની પ્રથમ અંડર–સી ટનલનું નિર્માણ કયા કરવામાં આવશે ? – મુંબઈમા

(મુંબઈમાં ભારતની પ્રથમ અંડર–સી ટનલનું નિર્માણ વર્ષ 2023માં શરૂ કરવામાં આવશે. મુંબઈ કોસ્ટલ રોડ પ્રોજેકટના ભાગરૂપે તેનું નિર્માણ કરવામાં આવશે. આ ટનલની લંબાઈ 2.07 કિ.મી.ની હશે જેમાં 1 કિલોમીટરનો ભાગ સમુદ્રની નીચે નિર્માણ પામશે.)

36. પુડુચેરીના મુખ્યમંત્રીએ તાજેતરમાં વિશ્વાસમત ગુમાવતા તાજેતરમાં રાજીનામું આપ્યું છે, તેઓનું નામ જણાવો ? – શ્રી વેલુ નારાયણસામી

## સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા

Social Media Icon પર Click કરો.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT